# શીલ શ્રુતમ્

સરદાર પટેલ વિશ્વવિદ્યાલયનું માસિક વૃત્તપત્ર

વર્ષઃ ૨૪ અંકઃ ૫ ફેબ્રુઆરી-મે ૨૦૧૪ મહા-વૈશાખ ૨૦૭૦ સળંગ અંકઃ ૨૪૫

સંપાદકો : પરમ પાઠક + મદનમોહન શર્મા + નિરંજન પટેલ + ઉજ્જવલ ત્રિવેદી + મનીષ સોલંકી + રાજુ રાઠોડ + ઝેડ. એ. સિપોય


## Editorial

### Long live *Homo Sapiens*

Some 14 billion years ago something happened called as Big Bang and the universe was formed. Then, some 4.5 billion year ago our solar system was formed due to the expansion of the Universe, and out of solar nebula, a cloud of dust left after the formation of Sun, from which the planets were formed. A beautiful place of existence appeared, the Earth.

The earth, as it formed, was a molten globe which cooled eventually. As it cooled, the clouds were formed and rains created oceans. The volcanic gases created atmosphere and the first life appeared some 3.5 billion years ago. The atmosphere was devoid of oxygen, therefore the life that existed was anaerobic. The cyanobacteria (photosynthetic life forms) created oxygen in the atmosphere around 2.4 billion years ago and aerobic life appeared. However, till 600 million years ago, life existed in water as only microscopic. The formation of terrestrial life is believed to be due to the Moon.

The moon separated from earth due to the Giant collision soon after the earth was formed and gradually moved away. When the moon was very close to earth and the tides were very high, they covered the surface and brought the life forms to land. The terrestrial life was formed due to the adaption of the aquatic life forms.

Plants appeared 450 million years ago and Mammals appeared 100 million years ago. Then the modern man evolved some 2.5 to 1 million years ago. The migration of Man through various continents is only during last 100 thousand years.

The earth has changed progressively over these 4.5 billion years. The environment has changed and the life on earth has also changed. Life forms have disappeared through extinction and new life forms have evolved through speciation. However, rapid changes have taken place due to the Human activities and development. What did not happen for billion years happened after human came into existence. What did not happen in last 1000 years has happened in last 100 years of industrial revolution. The development of last 10 years is more than that of last 100 years. What was supposed to be a natural gradual change in the environment is now termed as the damage to the planet, environment, its climate and its Biodiversity.

The global biodiversity is estimated to be about 11 to 13 million. The life operates and sustains due to the interactions between its life forms. *Jivo jivasya jivanam*. One living thing is the food for another and another and another, thus forming a food chain. If this link is broken, it breaks the entire chain. The chains break when life forms become extinct. Thus biodiversity is essential.

One of the major threats to the planet and mankind is the damage to the biodiversity due to human activities. We are more than 7 billion now. The human population reached 1 billion in 1804 and it took 123 years to reach 2 billion. Then onwards it has increased by one billion almost every 15-20 years. These rapid increases in population and activities have threatened the planet to a mass extinction.

Mass extinction means loss of a very large number of life forms. Some scientific studies suggest that at present we are losing more than 350 species every day. But so far as the mass extinctions are concerned, this is not the first time that the planet is threatened. In its long history, earth has passed through at least 15 mass extinctions out of which five are recorded as major mass extinctions between 450 million to 65 million years ago. These extinctions lasted for thousands of years and led to the loss of as many as 75% species. The recoveries of species also took few million years. The reasons for these extinctions were natural changes in the earth's environment. However, every time it happened the earth's diversity recovered and new species evolved. The sixth mass extinction, the present one, started after the appearance of Human. It is known as Holocene extinction. Although it is just another extinction, it is

(contuniued...on Page 2)

altogether different like its name means, entirely new. The unique thing about it is the rate at which species are lost. The term background extinction describes the speed at which the species have been lost (species lost/year) throughout the history of planet. In this Holocene extinction the background extinction rates are estimated from 100 to 1000 times higher, with 140,000 species lost every year. All this is because of us, human beings, our population and our activities. To understand the extent of damage, let us look into this analogy. Suppose we scale the 4.5 billion years of earth to 45 years, then we are here since last 4 hours and the industrial revolution began just 1 minute ago. In this one minute we have destroyed 50% of world's forests.

Environment activists have raised concerns and we are being made aware through various agencies regarding the real threats to environment and how we have reached at the verge of destroying earth. However, the fact of the matter is that, actually we are at the verge of destroying ourselves. Species come and go. In fact, the total diversity as on today is only 1 to 3 % of what existed on earth, ever. Those who don't survive, perish! Mightier beings than us have become extinct in past. When the planet is loaded with the dominance of a species, it demands a change. The *sarjan* vanishes and *nirmaan* begins.

Long live *Homo Sapiens*.

**- Ujjval Trivedi**

## Sardar Patel University goes online…

Sardar Patel University with its broad spectrum of course-offering, caters to the needs of wider mass of education aspirants of local region *(Charotar)* as well as the entire nation. With such kind of wide operational scale, the complexities of administration increases. To overcome these difficulties and to facilitate all such complex processes and integrate various departmental functionalities of the university, the university authorities decided to develop software where the stakeholders who include students, faculty and administrators can get the information on their desktops. M/s GIPL, Gandhinagar was entrusted for this work. The implementation of this software will help the University to achieve a more streamlined, integrated and convenient processes in management of various functions like admissions, examinations, hostel management etc. The software developed for management of various activities is a web based application which will meet the major objectives like online admission module, online students' enrolment module, online examination form filling module and so on. The Admission Module for Post Graduate Courses offered by the university departments is made live from 19th May 2014. The above mentioned module can be accessed using the link http://www.spuvvn.edu/students_corner/admissions/. The aspiring students have to register themselves first. Then the students can fill in their application form using the login and password sent on their e-mail id. Guidelines to fill the application form are also provided on the University website as well as on the portal also. After filling the online application form and uploading the required documents, the students have to send the hard copy of the application form, copies of the uploaded documents and proof of payment of fees to the university. The module is the stepping stone towards the complete automation of the entire Student Life Cycle.

All the applications filled in by the students will be then verified by the concerned section of the University and the same software will help in preparing merit lists of the students on different criteria.

**Benefits of the Online Admission Module:**

- The students can apply for any Post Graduate Course (except MBA and MCA) from anywhere in the world at any time. They don't have to stand in a long queue to submit their applications.
- The guidelines given to the students are self explanatory and the queries, if any, are solved through the help line.
- On the administration side, the Herculean task of DATA ENTRY is eliminated as the forms are filled in by the students themselves. This will help the university in reducing the financial burden of employing the manpower for data entry, electricity as well as saving the time.

## Teaching - Learning

• **અનુસ્નાતક પાલિ-પ્રાકૃત-સંસ્કૃત વિભાગ**, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, દ્વારા ''કેવલાદ્વૈત વેદાન્તનાં વિવિધ આયામો (આદિ શંકરાચાર્યના વિશેષ સંદર્ભે)'' વિષય ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. આ પરિસંવાદની ઉદ્‌ઘાટન બેઠકના અધ્યક્ષસ્થાને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ. હરીશભાઈ પાઢ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે તત્ત્વજ્ઞાન અને વ્યવહાર જ્યાં સુધી એક સીધી લીટીમાં ન આવે ત્યાં સુધી કલ્યાણ સધાતું નથી. આત્મકલ્યાણની સાથે સાથે લોક કલ્યાણ ઉપર પણ તેમણે ભાર મૂક્યો હતો તથા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. પરિસંવાદનું હાર્દરૂપ વક્તવ્ય આપવા માટે ચેન્નાઈથી મદ્રાસ યુનિવર્સિટીના અધ્યક્ષા પ્રો. એસ. રેવથી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વેદાન્તમાં જીવનમુક્તિ કેવી રીતે આલેખાઈ છે તે અંગે જુદા જુદા ઉદાહરણો દ્વારા જણાવ્યું હતું. સારસ્વત વક્તા તરીકે પધારેલ રાષ્ટ્રપતિ સમ્માનિત મનીષી પ્રો. વિજયભાઈ પંડ્યાએ હળવી શૈલીમાં વેદાંતના વિવિધ આયામો અંગે ઊંડું ચિંતન રજૂ કર્યું હતું. દ્વારકાથી સારસ્વત વક્તા તરીકે પધારેલા દ્વારકાધીશ એકેડેમીના ડાયરેક્ટરશ્રી પ્રો. જયપ્રકાશ નારાયણ દ્વિવેદીએ વેદકાળથી લઈને સાંપ્રત સમય સુધી વેદાંતના વિવિધ સિદ્ધાંતો વિષે વિશદ્ છણાવટ કરી હતી.

પ્રથમસત્રમાં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલય, વારાણસીથી પધારેલ ડૉ. ધનંજય પાંડેએ વેદાંત અંગે ગંભીર અને માર્ગદર્શક ચિંતન પોતાની લાક્ષણિક શૈલીમાં આપ્યું હતું. આ બેઠકના અન્ય વક્તા તરીકેઉપસ્થિત પ્રો. મહેશચંદ્ર યાજ્ઞિકે વેદાંતનું સમસામાયિક મૂલ્યોની શિક્ષણના સિદ્ધાન્તો સાથેની તુલના કરી વેદાંતના વિવિધ આયામો વિશે છણાવટ કરી હતી. બીજા અતિથિ વક્તા પ્રો. ડી. એસ. મિશ્રાએ વેદાન્ત વિષયકગ્રન્થ સિદ્ધાન્તબિન્દુમાં નિરૂપિત વેદાંતના સિદ્ધાંતોની વિચારણા રજૂ કરી હતી. અન્ય વક્તા ડૉ. યોગિનીબેન વ્યાસે પણ વેદાંતવિષયક રજૂઆત કરી હતી.

દ્વિતીય બેઠકના અધ્યક્ષ જયપુરથી પધારેલા ડૉ. પ્રમોદકુમાર શર્માએ કેવલાદ્વૈત અને શબ્દાદ્વૈત ઉપરનો અભ્યાસ રજૂ કર્યો હતો. આ બેઠકના સારસ્વત વક્તા મુંબઈથી પધારેલા ડૉ. ગિરીશભાઈ જાનીએ વેદાંતને લગતા કેટલાક મૂળભૂત પ્રશ્નો ઉપસ્થાપિત કરી તેનું સમાધાન શોધવાનું હજુ બાકી છે તેમ બહુ જ માર્મિક શૈલીમાં રજૂઆત કરી હતી.

તૃતીય બેઠકમાં ડૉ. ધનંજય પાંડેના અધ્યક્ષસ્થાને ગુજરાતની વિવિધ કોલેજોમાંથી પધારેલા પ્રતિભાગીઓએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા. આ દરમિયાન ચર્ચા-પ્રશ્નોત્તરી થઈ હતી.

સમાપનસત્રના અધ્યક્ષ તરીકે એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનના આચાર્યશ્રી એન.આર. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગણિતશાસ્ત્રમાં કેવી રીતે દ્વૈત-અદ્વૈત સધાય છે તેમની આગવી શૈલીમાં રજૂઆત કરી હતી.

• ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના IQAC સેલ દ્વારા તાજેતરમાં NAAC સ્પોન્સર્ડ ૨ દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. 'પ્રવર્તમાન શૈક્ષણિક પ્રણાલીની ગુણવત્તા સુધારણા અને શિક્ષક તથા વિદ્યાર્થીની ક્ષમતા, વૃદ્ધિ દ્વારા સશક્તિકરણ' વિષય પર આયોજિત આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન ચારુસેટ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. ડો. બી.જી. પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરિસંવાદના પ્રોસીડીંગનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

બે દિવસ ચાલેલા આ પરિસંવાદને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. પ્રથમ ટેકનિકલ વિભાગમાં એક્સલ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી જી. નારાયણે ઓર્ગેનાઈઝેનેશનલ લીડરશીપ વિષય ઉપર રસપ્રદ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. પ્રથમ ટેકનિકલ વિભાગના ચેરમેન પદે પ્રોફેસર એમ.એચ. વસાવડાએ કામગીરી બજાવી હતી. 'પ્રવર્તમાન શૈક્ષણિક પ્રણાલીના સામાજિક અને શૈક્ષણિક પાસાઓ' વિષય પરના આ વિભાગમાં વિવિધ ફેકલ્ટીના પ્રાધ્યાપકોએ પોતાના શોધપત્રો રજૂ કર્યા હતા. દ્વિતીય ટેકનિકલ વિભાગમાં એમ.એસ. યુનિવર્સિટીના પ્રોફેસર ડી.આર. ગોયલે સમાજના દરેક વર્ગને સાંકળી શકે તેવી શૈક્ષણિક પ્રણાલી તથા એકેડેમિક પરફોર્મન્સ ઈન્ડેક્ષ અને તેના મહત્વ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ વિભાગના ચેરપર્સન પદે વેચ-મેડ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રિન્સિપાલશ્રી ડૉ. સુલભા નટરાજે કામગીરી બજાવી હતી.

તૃતીય ટેકનિકલ વિભાગમાં એમ.એસ.યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. સુદર્શન પાણિગ્રહીએ વર્ગમાં ચાલતી શૈક્ષણિક પ્રણાલીઓના બદલાતા જતા પ્રવાહ ઉપર માહિતી સભર વક્તવ્ય આપ્યું હતું અને 'ઓન-લાઈન લર્નીંગ' પર વિશેષ ભાર મૂક્યો હતો. આ વ્યાખ્યાન પછી વિવિધ સંશોધનપત્રો મૌખિક રૂપે રજૂ કરવામાં આવ્યા હતા, અને આ વિભાગના ચેરમેન પદે એકેડેમિક સ્ટાફ કોલેજના નિયામકશ્રી પ્રો. એ. આર. જાનીએ કામગીરી બજાવી હતી. ચતુર્થ ટેકનિકલ વિભાગમાં આઈ.આઈ.ટી. કાનપુરના નિવૃત્ત પ્રોફેસરશ્રી ડૉ. વી, રાઘવેન્દ્રએ ક્ષમતા વર્ધન અને હયાત ક્ષમતાઓ અને કુશળતાઓની વૃદ્ધિ દ્વારા સતત શીખતા રહેવાની કળા કઈ રીતે વિકસાવી શકાય તેની વિસ્તૃત છણાવટ કરી હતી. આ વિભાગના ચેરમેન પદે સરદાર પટેલ યુનિવર્સિટીના આઈક્યુએસી કો-ઓર્ડીનેટર પ્રોફેસર ડો. એન.વી. શાસ્ત્રીએ કામગીરી બજાવી રતી અને અભ્યાસક્રમની રૂપરેખા ઘડવામાં ઈન્ફોર્મેશન અને ટેક્નોલોજીના મહત્વ વિશે રજૂ થયેલ સંશોધન પત્રો રજૂ કરાયા હતા.

અંતિમ ટેકનિકલ વિભાગમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશનના અંડર સેક્રેટરીશ્રી સંદીપ જૈન સાહેબે એક્રેડેટીશન શા માટે ફરજિયાત છે તે

વિશે માહિતીસભર ચર્ચા કરી હતી. અને આ વિભાગમાં 'સંસ્થાકીય નેતૃત્વનો શિક્ષકોના વિકાસમાં ફાળો' એ વિષય પર સંશોધનપત્રો એચ.એમ. પટેલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈંગ્લીશના નિયામકશ્રી ડૉ. આર.પી. જાડેજાના ચેરમેન પદે રજૂ કરાયા હતા.

- વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક રાજ્યશાસ્ત્ર વિભાગમાં, યુ.જી.સી. દ્વારા અનુદાનિત બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ 'કોન્ટેક્ટ એન્ડ કન્ટેન્ટ ઓફ ૨૦૧૪ લોકસભા ઈલેક્શન' વિષયે તારીખ ૧૦-૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૪ના દિવસે યોજાયો. આ પરિસંવાદમાં પ્રો. આનંદ માવળંકર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પરિસંવાદમાં ગુજરાતની વિવિધ કોલેજો, યુનિવર્સિટીઓ અને વિવિધ સંસ્થાઓમાંથી મોટી સંખ્યામાં સંશોધકોએ ભાગ લીધો હતો અને વિવિધ રાજકીય સંસ્થાના પદાધિકારીઓ અને સરકારી અધિકારીઓ, નિસ્બત ધરાવતા નાગરિકો અને ગુજરાત બહારના બિનસરકારી સંગઠનોમાંથી લગભગ ૩૦૦થી વધારે લોકો હાજર રહ્યા હતા. ૩૦થી વધારે સંશોધકોએ સંશોધન પત્ર રજૂ કર્યા હતા. સમગ્ર દેશમાંથી રાજ્યશાસ્ત્રના અભ્યાસુઓ, રાજકીય પક્ષોના પ્રવક્તાઓ, ન્યાયતંત્ર સાથે સંકળાયેલા નિવૃત્ત ન્યાયાધિશ, ડેપ્યુટી કલેક્ટર ભવનાબેન એસ. બારડ પરિસંવાદમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) (પ્રમુખ, આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ) એ યુવાનો અને વ્યસનમુક્તિ રાજકીય ગતિશીલતા વિષયે વિચારપ્રેરક પ્રવચન આપેલ. આ પરિસંવાદના અધ્યક્ષ તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) હરીશ પાઢની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મુખ્ય મહેમાન તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિશ્રી પ્રો. આર. એલ. ગોદરા, અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર પ્રો. સંજીવ કુમાર શર્મા, પ્રોફેસર અને અધ્યક્ષ, ચૌધરી ચરણસિંઘ યુનિવર્સિટી, મેરઠ અને ઈન્ડિયન પોલિટીકલ સાયન્સ એસોશિયોશનના સેક્રેટરી, ન્યુ દિલ્હીના એ વિષય સંદર્ભે વિચારપ્રેરક અને મનનીય પ્રવચન આપ્યું હતું. પરિસંવાદમાં ચાવીરૂપ વક્તવ્ય પ્રો. આનંદ માવળંકરે આપ્યું હતું. વિભાગના પૂર્વ અધ્યક્ષ પ્રો. પુષ્પાબેન મોતિયાની અધ્યક્ષ, શાંતિસંશોધન કેન્દ્ર અને ગાંધીયન સ્ટડીઝ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્રો. જયદીપસિંહ દોડિયા, અંગ્રેજી વિભાગ અને ફેકલ્ટી ઓફ આર્ટ્સના ડીન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. હિંમતભાઈ પટેલ, પૂર્વ અધ્યક્ષ, અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીએ ચૂંટણીના રાજકારણ, અર્થકારણ, સમાજકારણની તાસીર સમજાવી હતી. ગૌરાંગ રાવલના સૌહાર્દ ગૃપની ટીમે યુવા જાગૃતિ અને યુવાનોની રાજકીય ભાગીદારી માટેનું ભારત ભાગ્ય વિધાતા શેરી નાટક રજૂ કર્યું હતું.

સમારંભના અંતે સમાપન સમારોહના અધ્યક્ષ ભાવનાબેન એસ. બારડ, ડેપ્યુટી કલેક્ટર, ચૂંટણી શાખા, આણંદ ચૂંટણી અને જાગૃત મતદારોની વિસ્તૃત સમજ આપી હતી. મહેમાન તરીકે પ્રો. પુષ્પાબેન મોતિયાની હાજર રહ્યા હતા. તેમણે રાજકારણમાં રાજકીય મૂલ્યો અને રાજકીય પ્રવાહો ગાંધીયન વિચારને ધ્યાને રાખી વક્તવ્ય રજૂ કર્યું હતું.

- અનુસ્નાતક અર્થશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં તાજેતરમાં યુ.જી.સી. દ્વારા અનુદાનિત બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ ''ભારતમાં ગ્રામીણ વિકાસ પ્રશ્નો અને પડકારો' યોજાયો હતો. આ પરિસંવાદમાં ગુજરાતની વિવિધ કોલેજો યુનિવર્સિટીઓ તેમજ સંશોધન સંસ્થાઓ અને ગુજરાત બહારની સંસ્થાઓમાંથી લગભગ ૧૬૦ જેટલા સંશોધકોએ ભાગ લીધો હતો.

આ પરિસંવાદના પ્રમુખ તરીકે વિભાગના ભૂતપૂર્વ વડા ડૉ. મહેશભાઈ પાઠક હતા. પૂનાની વૈકુંઠ મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મૂવમેન્ટના માર્કેટીંગ વિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. એ. પી. કન્સલ મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા હતા. આ ઉપરાંત વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને વડા ડૉ. શ્રીનિવાસ રાવ, ભાવનગર યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને વડા ડૉ. ભારતીબેન દવે, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. ગૌરાંગ રામી, એગ્રો ઈકોનોમીક રીસર્ચ સેન્ટર, વલ્લભ વિદ્યાનગરના ડાયરેક્ટર ડૉ. એસ.એસ. કલમકર વગેરે દ્વારા કી-પેપરો રજૂ કરવામાં આવ્યા હતા. આ પરિસંવાદમાં કુલ ૬૯ સંશોધન પત્રો રજૂ થયા હતા.

- યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમીશનની સહાયથી સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગ દ્વારા 'હિન્દી કી માર્ક્સવાદી આલોચના ઔર ડૉ. શિવકુમાર મિશ્ર' વિષય ઉપર રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. જેનું ઉદ્‌ઘાટન પ્રો. રમણભાઈ પટેલે કર્યું હતું. પ્રો. મહાવીર સિંહ ચૌહાણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસના આ પરિસંવાદમાં પ્રો. હૂબનાથ પાંડ્યે, શ્રી રામલખન પાલ (મુંબઈ), પ્રો. સૂરજ પાલીવાલ, શ્રીમતી શોભા પાલીવાલ (વર્ધા), પ્રો. શૈલેન્દ્ર શર્મા (ઉજ્જૈન), પ્રો. આલોક ગુપ્તા (ગાંધીનગર), પ્રો. શૈલજા ભારદ્વાજ અને ડૉ. શન્નો પંડિય (વડોદરા) વિવિધ સત્રો દરમ્યાન મૂળ વિષયને લગતા વિવિધ પાસાઓ ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. સેમીનારના પ્રારંભે તેમજ સમાપન સમયે પ્રો. શિવકુમાર મિશ્ર ઉપર તૈયાર કરેલ ડોક્યૂમેન્ટ્રી પણ રજૂ કરવામાં આવી હતી. આ પરિસંવાદમાં રાજ્યભરમાંથી તેમજ સ્થાનિક મળી ૮૫ ઉપરાંત પ્રાધ્યાપકો, શોધકર્મીઓ, વિદ્યાર્થીઓ પ્રતિભાગી રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને સંગોષ્ઠીના વિષયને લગતા શોધપત્રો પણ રજૂ કરાયા હતા.

- ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના બાયોલોજીકલ એન્ડ એન્વાયરોમેન્ટલ સાયન્સ વિભાગ દ્વારા તાજેતરમાં ગુજકોસ્ટ સ્પોન્સર્ડ એક દિવસીય રાષ્ટ્રીય સીમ્પોઝીયમનું આયોજન કરવામાં

આવ્યું હતું. આ સીમ્પોઝીયમ 'જળ ધારા ૨૦૧૪ - ક્લીન વોટર ફોર હેલ્થી વર્લ્ડ' વિષય પર આયોજિત કરવામાં આવ્યું હતું. ચારુતર વિદ્યામંડળના માનદ્ ઈન્ચાર્જ સેક્રેટરી ડૉ. જે. ડી. પટેલે ઉદ્‌ઘાટન કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રો. અરુણ આર્ય (કો. ઓર્ડીનેટર ઓફ એન્વાયરોમેન્ટલ સાયન્સ) ઉપસ્થિત રહ્યા હતા.

સીમ્પોઝીયમના કો ઓર્ડીનેટર તેમજ વિભાગના વડા ડૉ. રીટા કુમારે સીમ્પોઝીયમનું આયોજન તથા હેતુઓ સ્પષ્ટ કર્યા હતા તથા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મુખ્ય અતિથી પ્રો. અરુણ આર્યએ જળ ધારા ૨૦૧૪ને અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું અને જળ ધારા પર સ્વરચિત કવિતા રજૂ કરી હતી. સમારંભના પ્રમુખ માનદ મંત્રી ડૉ. જે. ડી. પટેલે સંસ્થાના પ્રયાસને બિરદાવ્યો હતો અને વૈશ્વિક સ્તરે પાણી અને પાણી સબંધિત માનવસર્જિત સમસ્યાઓની આલોચના કરી હતી. પાણીના કુદરતી સ્ત્રોતને કુનેહપૂર્વક ઉપયોગમાં ન લેવાય તો ઉદ્‌ભવતા પ્રશ્નો અને તેનું વૈયક્તિક તથા સામુહિક ધોરણે નિરાકરણ કરવા અંગે છણાવટ કરી હતી.

પ્રથમ ટેકનીકલ સેશનમાં પ્રથમ વક્તા તરીકે ગુજરાત ઈકોલોજીકલ સોસાયટીના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી જયેન્દ્ર લખમાપુરકરે ગ્રાઉન્ડ વોટર રિસોર્સ સ્ટટસ ઓફ ગુજરાત વિષય પર વક્તવ્ય રજૂ કર્યું. તેઓશ્રીએ ગુજરાત રાજ્યમાં પ્રાપ્ય ભૂગર્ભ જળ તથા વિવિધ જિલ્લાઓના ભૂગર્ભ જળનું સ્તર તથા પ્રમાણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. દ્વિતીય વક્તા તરીકે પ્રો. ઉદાની, ડાયરેક્ટર આઈસ્ટર દ્વારા પણ સેટેલાઈટ દ્વારા ઉપલબ્ધ ભૂગર્ભ જળની માહિતી અંગે રસપ્રદ વ્યાખ્યાન રજૂ કરવામાં આવ્યું હતું. ત્રીજા વક્તા તરીકે સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડના સીનીયર સાયન્ટીસ્ટ સી તથા હાઈડ્રોજીઓલોજીસ્ટ શ્રી અશોકકુમારે હાઈડ્રોજીઓલોજી ઓફ ગુજરાત વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

બીજા ટેકનીકલ સેશનમાં એન્વાયરોમેન્ટલ હાઈજીન અને સેફ્ટી, સન ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રી, અંકલેશ્વરના શ્રી આશિષ દુબેએ 'ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ' વિષય પર રસપ્રદ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારબાદ સીમ્પોઝીયમ થીમ આધારિત મુદ્દાઓ પર રિસર્ચ તેમજ પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ દ્વારા ઓરલ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તદુપરાંત પોસ્ટગ્રેજ્યુએટ તથા અન્ડરગ્રેજ્યુએટના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર કોમ્પીટીશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થીઓ માટે કાર્ટૂન મેકિંગ સ્પર્ધા પણ રાખવામાં આવી હતી. આ સર્વે સ્પધાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ઓરલ પ્રેઝન્ટેશનમાં પોસ્ટગ્રેજ્યુએટ વિભાગમાં પ્રથમ ક્રમે શ્રી નિશાંત સોલંકી (આઈસ્ટાર), દ્વિતીય ક્રમે કુમારી હાર્દી પટેલ (આઈસ્ટાર), તૃતીય ક્રમે કુમારી રોમા પટેલ (અરિબાસ) વિજેતા જાહેર થયાં હતા.

ઓરલ પ્રેઝેન્ટેશનમાં રિસર્ચ કેટેગરીમાં પ્રથમ ક્રમે આઈસ્ટરના કુમારી મેઘા બારોટ, દ્વિતીય ક્રમે કુમારી કવિતા ઠાકુર તથા તૃતીય ક્રમે કુમારી હિરલ સોની વિજેતા ઘોષિત થયા હતાં. પોસ્ટર પ્રેઝેન્ટેશન કેટેગરીમાં પ્રથમ ઈનામ એમ.એસ. યુનિવર્સિટીના કુમારી અમૃતા ડીમકે તથા કુમારી ક્રિના પટેલને, દ્વિતીય ઈનામ કુમારી કેષા પટેલ તથા કુમારી હેલી ત્રિવેદીને તથા તૃતીય ઈનામ એનવીપાસના કુમારી આકાંક્ષા દીક્ષિતને ફાળો ગયું હતું. કાર્ટૂન મેકિંગ કોમ્પીટીશનમાં ત્રીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ એનવીપાસ કોલેજનાં કુમારી શ્રદ્ધા વડગામા, દ્વિતીય કુમારી મિતાલી પટેલ, તૃતીય કુમારી ખેમ કન્વર તેમજ આશ્વાસન ઈનામો કુમારી સાશ્વતી મહંતા અને કુમારી ખુશ્બૂ પટેલને પ્રાપ્ત થયા હતા. સમગ્ર સ્પર્ધાઓમાં નિર્ણાયકો તરીકે જીસેટ કોલેજના પ્રો. કૌશિક નાથ, આઈસ્ટારના ડો. નિર્મલ કુમાર, અરીબાસના ડો. કે. સરોજાએ સેવાઓ આપી હતી.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ ખાતે જી એસ બી ટી એમ, ગાંધીનગરની સહાયથી ૨૬-૨-૨૦૧૪ના રોજ 'નેશનલ સીમ્પોઝીયમ-ઓન-માઈક્રોબીઅલ બાયોટેક્નોલોજી ટ્રેન્ડસ એન્ડ એડવાન્સીઝ યોજાઈ'' ગયું.

આ સીમ્પોઝીયમનું ઉદ્‌ઘાટન ત્રિવેન્દ્રમ ખાતે આવેલ એન.આઈ.એસ.ટી.ના વૈજ્ઞાનિક ડો. અશોક પાંડેના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સિનીયર વાઈસ પ્રેસીડેન્ટ ડો. જે.ડી. દેસાઈ હાજર રહ્યા હતા જ્યારે ચારુતર વિદ્યામંડળના ઈન્ચાર્જ સેક્રેટરીશ્રી ડૉ. જે. ડી. પટેલ પ્રમુખ પદે ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારંભમાં બાયોટેક્નોલોજી વિભાગના વડા ડૉ. મધુમતી બોરાએ મહેમાનો પરિચય આપ્યો હતો જ્યારે સીમ્પોઝીયમના કો-ઓર્ડીનેટર અને માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. અક્ષયા ગુપ્તેએ સીમ્પોઝીયમના હેતુ વિષેની વિસ્તૃત માહિતી આપી હતી. સીમ્પોઝીયમના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડૉ. યાચના ઝાએ સમારંભના અંતમાં આભારવિધિ કરી હતી.

આ સીમ્પોઝીયમને બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વિભાગમાં રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના વાઈસ પ્રેસીડન્ટ અને અતિથી વિશેષ ડૉ. જે.ડી. દેસાઈએ 'સસ્ટેઈનેબલ ડેવલોપમેન્ટ અને તેમાં બાયોટેક્નોલોજીના યોગદાન' વિષે મહત્વનું વ્યાખ્યાન આપ્યું હતું. જ્યારે પ્રો. અશોક પાંડેએ બાયોઈકોનોમિક્સ પર માહિતી સભર વક્તવ્ય આપ્યું હતું. જ્યારે બીજા વિભાગમાં એફ.આઈ.જી.આઈ.બી., નવી દિલ્હીના વૈજ્ઞાનિક ડૉ. રાકેશ શર્માએ માઈક્રોબીઅલ એન્ઝાઈમ્સ ઉપર જ્યારે સી.એસ.આઈ.આર. ઈન્ટીગ્રેટીવ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીસીન, જમ્મુના વૈજ્ઞાનિક ડૉ. સુમીત ગાંધીએ 'જીન સાઈલેન્સીંગ' અને સેકન્ડરી મેટાબોલાઈટ્સ પર માહિતી સભર વ્યાખ્યાનો આપ્યા હતાં.

આ સીમ્પોઝીયમમાં સમગ્ર દેશમાંથી કુલ ૧૦૪ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૪૦ જેટલા સંશોધન પત્રો મૌખિક અને પોસ્ટર સ્વરૂપે રજૂ થયા હતા. આ સીમ્પોઝીયમમાં બી.આર.ડી. સ્કૂલ ઓફ બાયોસાયન્સીઝના પ્રો. કે.સી. પટેલ, પ્રો. આર.બી. સુબ્રમનીયમ અને ડૉ. હરીશ કેહરીયા તથા આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીના ડૉ. આર.એસ. ફોગટે નિર્ણાયકની ભૂમિકા અદા કરી હતી.

• તા. ૭ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદમાં યુજીસી અંતર્ગત સીપીઈ અનુદાનથી એક દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કોલેજના ઈતિહાસ વિભાગ તથા સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. ''**History Museum : Relevance, Establishment andl Management**'' વિષય પર આધારિત આ કાર્યશાળાનું આયોજન કોલેજના રવિશંકર મહારાજ ઓડિયોરીયમમાં કરવામાં આવ્યું. વર્કશોપના ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રમુખ તરીકે સ.પ. એજ્યુકેશન, ટ્રસ્ટના મે. ટ્રસ્ટી તેમજ સેક્રેટરી શ્રી ભીખુભાઈ પટેલ તથા સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢ ઉપસ્થિત રહ્યા હતા.

એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના ઈતિહાસ વિભાગના મૌલેશ પંડ્યાના સ્વાગત વક્તવ્ય અને સરદાર પટેલ યુનિવર્સિટીના મ્યુઝિયમ વિભાગના અધ્યક્ષ અમોલ મોહિતેના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ, અમદાવાદના ડાયરેક્ટર પ્રો. રતન પરીમુએ હાર્દરૂપ વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત વડોદરા મ્યુઝિયમના ભૂતપૂર્વ ડાયરેક્ટર ડૉ. આર. ડી. પરમાર, મ.સ. યુનિવર્સિટીના મ્યુઝિયોલોજી વિભાગના પ્રો. એન.આર. શાહ, અલાહાબાદ મ્યુઝિયમના સિનીયર ક્યુરેટર ડૉ. ઓનકાર વાનખેડે, મ.સ. યુનિવર્સિટીના આર્કિયોલોજી વિભાગના એસો. પ્રો. અંબિકા પટેલ વગેરે વિષય નિષ્ણાંતોએ તેમના વક્તવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના દ્વિતીય સત્ર દરમ્યાન વિવિધ શૈક્ષણીક સંસ્થાઓમાંથી આવેલા સહભાગીઓએ તેમજ વિદ્યાર્થીઓએ તેમના શોધપત્રો રજૂ કર્યા હતા તેમજ નિષ્ણાંતો સાથે મ્યુઝિયમને લગતા જુદાં જુદાં વિષય પર ચર્ચા વિચારણા કરી હતી.

• ૨૦૧૪-૧૫ના વર્ષની **Indian Science Congress Association** અને યુનિવર્સિટી ઓફ જમ્મુના ઉપક્રમે તા. ૩ ફેબ્રુઆરી ૨૦૧૪થી ૭ ફેબ્રુઆરી ૨૦૧૪, પાંચ દિવસની વિચાર ગોષ્ટી (કોન્ફરન્સ) જમ્મુ, કાશ્મીર રાજ્યના જમ્મુ શહેરમાં યોજાઈ ગઈ, આ ગોષ્ઠીનો શુભારંભ ભારત દેશના તત્કાલીન વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહે તા. ૩ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ કર્યો.

સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના ડૉ. સુરેશ મકવાણા એ આ કોન્ફરન્સમાં ભાગ લઈ તેમણે તેમનુ સંશોધન પેપર **Emotional Intelligente Among School Students** રજૂ કર્યું હતું. ૧૨ વિભાગોના વિવિધ વિભાગની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ''**Anthropological & Behaviourial Science**'' વિભાગમાંથી એટલે કે પશ્ચિમ ઝોન (ગુજરાત રાજ્ય, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગોવા)માંથી વિભાગીય સભ્ય તરીકે ડૉ. સુરેશ મકવાણા ચૂંટાઈ આવ્યા હતા.

• સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના **ડૉ. સુરેશ** મકવાણાએ તા. ૩૦-૧-૨૦૧૪ના રોજ મહારાજ કૃષ્ણકુમાર સિંહજી, ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ''નંદકુંવરબા મહિલા કોલેજ''માં ''મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર'' અને બીજા સેશનમાં ''ડ્રગ્સ અને ડ્રગ્સની વર્તન પર થતી અસરો'' એ વિષય પર કોલેજના ''જ્ઞાનોત્સવ વર્કશોપ''માં વક્તવ્ય આપ્યું હતું.

અમદાવાદ ખાતે તા. ૧, ૨ અને ૩ માર્ચ ૨૦૧૪ના રોજ ૧૮મી **International & 47 National Conference** મંડળ સંચાલિત L.N.C. મહિલા આર્ટ્સ કોલેજ અને **Indian Academy of Applied Psychology**ના ઉપક્રમે યોજાઈ ગઈ. સરદાર પટેલ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના ડૉ. સુરેશ મકવાણાએ ''**Marital Adjustment of Married Couples**'' સંશોધન પેપર રજૂ કર્યું હતું.

• જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા અનુદાનિત અને એમ.બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન (સી.ટી.ઈ.), વલ્લભ વિદ્યાનગર દ્વારા અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગના પ્રો. (ડૉ.) કે.એસ. લિખિયાનું તજ્જ્ઞીય વ્યાખ્યાન તા. ૧૧-૩-૧૪ના રોજ યોજાયું હતું. આ પ્રસંગે કોર્ષ ડાયરેક્ટર શ્રી પ્રિ. (ડૉ.) એન.આર. પટેલે ડૉ. લિખિયાનો પરિચય આપી સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, જી.સી.આર.ટી. હંમેશા બહોળા સમુદાયને અનુલક્ષીને નાવીન્યપૂર્ણ શિક્ષણાનુભવો સૌને સહજ રીતે પ્રાપ્ત થઈ રહે તેવો અભિગમ દાખવે છે. તે અન્વયે સી.ટી.ઈ. હેઠળ પ્રો. (ડૉ.) કે.એસ. લિખિયાનું સહકારી અને સહકારમૂલક (કો.ઓપરેટીવ અને કોલાબોરેટીવ લર્નીંગ) વિષય પર સ.પ. યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત પ્રશિક્ષણ કોલેજોના અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓના સહકારથી વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રો. (ડૉ.) કે.એસ. લિખિયાએ આજની શિક્ષણવ્યવસ્થાઓમાં અસમાનતા અને વૈમનસ્યયુક્ત વાતાવરણમાં પરસ્પર મદદ અને સહકારની લુપ્ત થતી ભાવનાથી અધ્યયન-અધ્યાપનમાં પડતી મુશ્કેલીઓનાં ઉદાહરણ આપી (સારા શિક્ષણ પ્રાપ્ત કરવા પરત્વે) યુનેસ્કો ડેલોર્સ રીપોર્ટના ચાર આધાર સ્થંભો પૈકી ''લર્નીંગ ટુ લીવ ટુગેધર''ના આધારસ્થંભો કેન્દ્રમાં રાખી, સાથે મળી ટીમ કે જૂથ સંબંધો વિકસાવી સારા અધ્યયન અનુભવો મેળવી સ્વ થી સમષ્ટિના વિકાસની વિવિધ તરાહો બતાવી હતી.

• સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનમાં ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ દ્વારા

વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતાશ્રી ડૉ. જયકરભાઈ મેકવાને 'બહુમાધ્યમ સંપુટ આધારિત શૈક્ષણિક કાર્યક્રમ' - વિષય સંદર્ભે જુદા જુદા વિષયોનું શિક્ષણકાર્ય કમ્પ્યૂટરના ઉપયોગથી વધુ સરળતાથી અને અસરકારક રીતે આપી શકાય છે તે વાતની પ્રતીતિ કરાવવા, પોતાના સંશોધન કાર્યની શિક્ષણ સામગ્રી રજૂ કરી વાસ્તવદર્શન કરાવ્યું હતું.

• શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત **કોમર્સ કોલેજ**માં કેળવણી મંડળના પ્રમુખશ્રી રાજેશભાઈના અધ્યક્ષ સ્થાને યુવા પેઢી માટે રોકાણની તકો પર ક્ષેત્ર-નિષ્ણાત શ્રી સન્ની શાહ, ચાર્ટડ એકાઉન્ટન્ટનું વ્યાખ્યાન યોજાયું હતું.

• ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓના લાભાર્થે તાજેતરમાં વિવિધ વિષયના વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતી અનુસ્નાતક ભવનના પ્રો. ડૉ. પરમ પાઠકનું 'ભરતનું રસસૂત્ર' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. તદ્ઉપરાંત તાજેતરમાં મ.સ. યુનિવર્સિટીના નિવૃત્ત અધ્યાપક અને ગુજરાતીના સંનિષ્ઠ વિવેચક, સંપાદક અને કોશકાર ડૉ. રમણ સોનીનું 'છંદ શિક્ષણ' અંગે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

તદ્ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટીના ગુજરાતી અનુસ્નાતક ભવનના પ્રો. ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ(ગુજરાતીના અધ્યાપક સંઘના પ્રમુખ)નું 'ધ્વનિ ઉચ્ચારણની પ્રક્રિયા' અંગે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

• તાજેતરમાં શ્રી ભીખાભાઈ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના વર્ષ ૨૦૧૩-૧૪માં વિવિધ પ્રકાશનો દ્વારા પ્રકાશિત પુસ્તકોના વિમોચનનો કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ડૉ. મોંઘજીભાઈ બી. ચૌધરીનાં ત્રણ પુસ્તકો કવિ રામચંદ્ર, સુભાષિતામૃતમ્ અને લેખ-મંજૂષા, ડૉ. હર્ષદકુમાર ચૌહાણ લિખિત-મિથક ઔર આધુનિકતા તથા પ્રા. રતનસિંહ એમ. ચૌહાણ અને પ્રા. વિનોદકુમાર પી. ચૌધરી દ્વારા સંયુક્ત-લેખનમાં પ્રકાશિત પુસ્તકોનો સમાવેશ થાય છે.

• આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સંચાલિત શ્રીમતી કમલાબેન પી. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓક્યુપેશનલ થેરાપી, આણંદમાં ડૉ. સપના ગુપ્તા, ટ્યુટર તરીકે કાર્યરત છે. તેમના દ્વારા **''Effect of Progressive Muscle Relaxation Combined with Deep Breathing Technique Immediately after Aerobic exercises on Essential Hypertension''** રીસર્ચ પેપર પ્રકાશિત કરેલ છે અને તે **''Indian Journal of Physiotherapy & Occupational Therapy - An International Journal''**, **January-March** 2014માં પ્રકાશિત થયેલ છે.

• ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ક્રાઈસ્ટ કોલેજ રાજકોટના સંયુક્ત ઉપક્રમે સાયન્સ સીમ્પોઝીયમ ૨૦૧૪નું ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સીમ્પોઝીયમમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના ૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મૌખિક વક્તવ્ય અને પોસ્ટર સ્વરૂપે જુદા-જુદા વિષયો જેવા કે રસાયણ વિજ્ઞાન, કોમ્પ્યુટર સાયન્સ, બાયોટેક્નોલેજી, બાયોકેમિસ્ટ્રી, બાયોઈન્ફોર્મેટીક્સ, બોટની, ઝૂઓલોજીમાં વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

સમગ્ર દેશમાંથી આ સ્પર્ધામાં ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એન.વી. પટેલ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં કુલ ૧૧ જેટલા ઈનામો પ્રાપ્ત કર્યા હતા. જે પૈકી ટી.વાય. કેમેસ્ટ્રીના કુ. રાજલ એચ. પટેલને મૌખિક વક્તવ્યમાં પ્રથમ ઈનામ, કોમ્પ્યુટર સાયન્સના કુ. ચાંદની ઠક્કરને મૌખિક વક્તવ્યમાં દ્વિતીય ઈનામ, ટી.વાય. બાયોટેક્નોલોજીના કુ. રાજલ એસ. પટેલને મૌખિક વક્તવ્યમાં પ્રથમ ઈનામ; જ્યારે કુ. શિવાંગી શુક્લા અને કિરણ રાઠોડને સંયુક્તપણે પોસ્ટર પ્રેઝન્ટેશનમાં દ્વિતીય ઈનામ, ટી.વાય. માઈક્રોબાયોલોજીના કુ.શીબા મદાનને મૌખિક વક્તવ્યમાં દ્વિતીય ઈનામ જ્યારે ટી.વાય.જીનેટીક્સના જય બથીયાને મૌખિક વક્તવ્યમાં પ્રથમ ઈનામ, ટી.વાય. બાયોટેક્નોલોજીના મનીષ બારૈયા, વરુન ભલોડવાળા અને રોનક પટેલને સંયુક્ત પણે પોસ્ટર પ્રેઝન્ટેશનમાં દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયા હતા.

કોમ્પ્યુટર સાયન્સ કેટેગરીમાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રાધ્યાપક ડો. ચેતન દુધાગરાને મૌખિક અને મૉડેલ પ્રેઝન્ટેશનમાં પ્રથમ તથા કુ. શ્રેયા ભાવસાર સાથે સંયુક્તપણે પોસ્ટર પ્રેઝન્ટેશનમાં દ્વિતીય ઈનામ પ્રાપ્ત થયું હતું.

• ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના કોમ્પ્યુટરવિભાગ દ્વારા રાજ્ય કક્ષાની આઈ.ટી. સ્પર્ધા ''ટેક્નોએસ્ટ્રમ ૨૦૧૩-૨૦૧૪''નું ૧૩.૨.૨૦૧૪ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ તરીકે ડૉ. ડી.બી. ચોકસી; મુખ્ય અતિથિ શ્રી દીપક રાય; કન્વીનર ડો. બાસુદેબ બક્ષી; કો-ઓર્ડીનેટર જય પ્રકાશ કરુનાકરણ અને ઓર્ગેનાઈઝ સેક્રેટરી શ્રીમતી મોનિકા પટેલ હાજર રહ્યા હતા. શ્રી દીપક રાય દ્વારા ''સાયબર ક્રાઈમ અને સાયબર લો'' વિષય પર પ્રવચન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય ત્રણ સ્પર્ધાઓ : પેપર પ્રેઝન્ટેશન, પોસ્ટર પ્રેઝન્ટેશન અને પ્રોગ્રામિંગ કોમ્પિટીશન રાખવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી લગભગ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પેપર પ્રેઝન્ટેશન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જે.વી. સ્માર્ટ અને શ્રી સોહિલ પંડ્યા હાજર રહ્યા હતા. પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. ડી.બી. ચોકસી અને ડો. પ્રીતિ સજ્જા હાજર રહ્યા હતા. પ્રોગ્રામિંગ કોમ્પિટીશન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો. પ્રિયા સ્વામીનારાયણ અને ડો. યોગેશ ઘોડાસર હાજર રહ્યા હતા.

સ્પર્ધાના વિજેતાઓ નીચે મુજબ છે:

પેપર પ્રેઝન્ટેશન - પ્રથમ : કુ સાન્યા સાદીકોટ અને કુ. કૃપા ચૌહાણ (ક્રાઈસ્ટ કોલેજ, રાજકોટ), બીજુ : કુ. દીર્ઘા માંકડ (ક્રાઈસ્ટ કોલેજ, રાજકોટ), પ્રોગ્રામિંગ કોમ્પિટીશન - પ્રથમ : કુ. ધવલ શેઠ અને કુ. અબ્દુલ કાદરી (સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોલેજ, આણંદ) બીજું : કુ.જીગ્નેશ ભાદાણી અને કુ. વિરલ ગોહિલ (ડી.એન. ઈન્સ્ટીટ્યુટ, આણંદ)

સ્પર્ધામાં એન.વી.પાસ કોલેજના વિજેતાઓ આ મુજબ છે. પેપર પ્રેઝન્ટેશન : પ્રથમ કુ. જસપ્રીત પાબલા અને કુ. પ્રીતેશ પટેલ, બીજુ કુ. જીજો નાયર, પોસ્ટર પ્રેઝન્ટેશન : પ્રથમ કુ. નૈમેશ પટેલ અને કુ. સૈફ અલી ખત્રી, બીજુ કુ. અજય ઝાલા અને કુ. નીલ અમીન, પ્રોગ્રામીંગ કોમ્પિટિશન : પ્રથમ કુ. જસપ્રીત પાબલા અને કુ. પ્રીતેશ પટેલ, બીજુ કુ. ચાંદની ઠક્કર અને કુ.બીનલ નાયક.

- સરદાર પટેલ યુનિવર્સિટી સંચાલિત **અનુસ્નાતક ફાર્માસ્યુટીકલ** સાયન્સ વિભાગ દ્વારા ફાર્મસી શિક્ષણ અને ગ્રંથાલય પ્રવૃતિનો વ્યાપ વધારવાના હેતુથી ફાર્મસી સંલગ્ન Library Subject Portalની રચના કરવામાં આવી છે. આ Library Subject Portal એ વડાશ્રી દીપક કે. રાવલના માર્ગદર્શન હેઠળ ફાર્મસી વિભાગના ગ્રંથપાલ અલ્પેશ પરમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ Library Subject Portal એ આજના ઈલેક્ટ્રોનિક યુગમાં વિદ્યાર્થીઓને અને સમગ્ર શિક્ષણ જગત જ્યારે કોમ્પ્યુટર સંલગ્ન શિક્ષણના પર્યાયથી બનેલ છે, ત્યારે E-Informationના માધ્યમ સ્વરૂપે સમગ્ર શિક્ષણ જગતને જ્ઞાન અને વિષયસંલગ્ન માહિતી પીરસવાનો અનોખો અભિગમ છે.

આ Library Subject Portal એ ફાર્મસી વિષય સાથે સંકળાયેલ તમામ E-Journal, E-books, Subjectgateway Search engines અંગે માહિતી Encyclopedia, Directory, Maps, Biography, Thesarus, Copyright, Almanacs અંગેની માહિતી તેમજ ફાર્મસી સંલગ્ન રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય એસોશિએશન સંલગ્ન અંગેની સંપૂર્ણ માહિતી તેમજ ફાર્મસી સંલગ્ન કંપનીઓની સંપૂર્ણ માહિતી તેમજ વિદ્યાર્થીને પોતાની રોજગારી અને કેરિયર માટે ઉપલબ્ધ નીવડે તેવા રોજગારી સંલગ્ન માહિતી સ્ત્રોતની માહિતિનું સંયુક્ત મિશ્રણ કરીને Web-Information તરીકે રજુ કરવામાં આવે છે. આ ઉપરાંત આ Portal દ્વારા વિશ્વના તમામ દેશોના અગ્રગણ્ય E-newspapers સમાચાર પત્રો પણ online વાંચી શકાય છે.

અર્થાત્ જ્ઞાનપિપાસુઓને તેમજ Research Student તેમજ Teaching Facultyને સંપૂર્ણરીતે મદદ થઈ શકે તે હેતુથી વિષય સંલગ્ન જ્ઞાનનો અખૂટ ભંડાર એક જ જગ્યાએ સંગ્રહિત કરીને સમગ્ર શિક્ષણ જગતને પીરસવાનો અભિગમ અપનાવેલ છે.

આ સમગ્ર પોર્ટલ ડિપાર્ટમેન્ટના કાર્યકારી વડાશ્રી ડૉ. દીપક કે. રાવલના માર્ગદર્શન હેઠળ ગ્રંથપાલ અલ્પેશ પરમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, જેનાથી સમગ્ર શિક્ષણ જગતને ફાયદો થઈ શકે છે. આ પોર્ટલ શિક્ષણ જગત સાથે સંકળાયેલ તમામને ઉપયોગી નીવડશે. આને કારણે સરદાર પટેલ યુનિવર્સિટી સમગ્ર રાજ્યમાં Library Subject Portalની રચના કરવામાં પ્રથમ નંબરે રહેલ છે. આને કારણે યુનિવર્સિટીને અનેક કમિટી જેવી કે AICTE, NAAC, UGC મૂલ્યાંકન વખતે ઘણો જ ફાયદો નીવડશે. આ પ્રવૃત્તિ માટે યુનિવર્સિટીના સમગ્ર વહીવટી તંત્ર દ્વારા ડિપાર્ટમેન્ટની આ ટીમ તેમજ સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના વિદ્યાર્થીઓએ દ્વારા કોલેજના રસાયણ શાસ્ત્રના પ્રો.ડો. ભાવિન પટેલ તથા બાયોસાયન્સના પ્રો.ડો. ઈશા દેસાઈના માર્ગદર્શન હેઠળ ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ખાતે યોજાયેલ સાયન્સ મંથનમાં પોસ્ટર પ્રેઝન્ટેશન પ્રતિયોગીતામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ગુજરાતની વિવિધ સાયન્સ કોલેજોના કુલ ૪૦૦થી વધુ સ્પર્ધકો હાજર રહ્યા હતા. તેમાં એન.વી. પટેલ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ કુ. રાજલ પટેલે પ્રથમ ક્રમ તથા કુ. બિન્દ્રા પટેલે દ્વિતીય ક્રમ મેળવ્યો હતો, તેમજ કુ. બંસી જાનીએ આશ્વાસન ઈનામ મેળવ્યું હતું.

- તા. ૧૭-૧૮ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ ઈન્સ્ટીટ્યુટ ઓફ લો-નિરમા યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયેલ International Conference on Law, Society and Sustainable Development માં શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજના અધ્યાપક તથા વિદ્યાર્થીઓએ Research paper Presentation માં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું. સંસ્થાના અધ્યાપક શ્રી મૌલિક રાઠોડ તથા BBA, LL.Bમાં અભ્યાસ કરતા મયંકકુમાર રાય દ્વારા ''Taste Sustainable Development Through CSR'' વિષયે Research paper રજુ કરવામાં આવ્યું હતું, જેને Best Prezenter જાહેર કરવામાં આવ્યું.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ (સ્થાપના વર્ષ : ૧૯૧૬) દ્વારા સંચાલિત શ્રી આઈ. જે. પટેલ એમ.એડ્, કોર્સ, મોગરીમાં નીચે મુજબના તજ્જ્ઞ વ્યાખ્યાન યોજાયા હતા. તા. ૨૪-૩-૨૦૧૪ના રોજ 'Feminism' વિષય પર ડૉ. એમ.એ. ચોટલિયા, ડાયરેક્ટર, ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર, તા. ૩-૪-૨૦૧૪ ના રોજ 'Ten areas of diversity in counselling-its understanding and helping' તથા 'Helping Model: Relating understanding and changes' વિષય પર પ્રો. એમ.કે. યાજ્ઞિક, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર

પટેલ યુનિવર્સિટી, તા. ૪-૪-૨૦૧૪ના રોજ 'Frame of reference - Internal & external relating to helper responses' તથા 'Asking questions as counselling skill & monitoring' વિષય પર પ્રો. એમ.કે. યાજ્ઞિક, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, તા. ૩-૪-૨૦૧૪ ના રોજ 'Analysis of variance (ANOVA)/F-test' તથા તા. ૪-૪-૨૦૧૪ના રોજ 'Factor Analysis' વિષય પર પ્રો. કે. એસ. લિખિયા, અનુસ્નાતક શિક્ષણશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીના વ્યાખ્યાન યોજાયા હતાં.

- ચારુતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના IQAC સેલ દ્વારા તાજેતરમાં બિનશૈક્ષણિક કર્મચારીગણ માટે બે દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. એનો વિષય હતો રીફાઈન્ડીંગ એડમિનીસ્ટ્રેટીવ પૉટેન્શિયલ. આ કાર્યશાળાનું ઉદ્‌ઘાટન ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીશ્રી એસ.જી. પટેલે કર્યું હતું. આ કાર્યશાળામાં દિવ્ય ભાસ્કરના કટાર લેખક અને એજ્યુકેશનલ કાઉન્સિલર રાજેન્દ્ર ઉપાધ્યાયે કોમ્યુનિકેશન સ્કીલ પર, એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ કોલેજના ડૉ. નિધિ ગુપ્તાએ અર્ગોનેમિક્સ અંગે તથા એન.વી.પાસના કોમ્પ્યુટર વિભાગના વડા જયપ્રકાશ કરુણાકરે ઈન્ફર્મેશન ટેક્નોલોજી અંગે વક્તવ્ય આપ્યા હતા. કાર્યશાળાના બીજા દિવસે શ્રી. પી.ડી. શર્મા (અમદાવાદ)એ કાર્યનિષ્ઠા અંગે, સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યકારી મુખ્ય હિસાબી અધિકારીશ્રી એન.કે. ભટ્ટે કુશળ સંચાલન અંગે, ટી.વી. પટેલ હાઈસ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય વિજયભાઈ સુથારે બિનશૈક્ષણિક સ્ટાફના મહત્વ અંગે, એકેડેમિક સ્ટાફ કોલેજના ડાયરેક્ટર પ્રો. એ. આર. જાનીએ સુચારુ સંચાલનના સિદ્ધાંતો અંગે તેમજ પ્રો. નરેશ વેદે NAAC મૂલ્યાંકન વખતે બિનશૈક્ષણિક કર્મચારી ગણની ભૂમિકા અને રેકોર્ડ કિપીંગ અંગે વાર્તાલાપ આપ્યા હતા.

- સરદાર પટેલ યુનિવર્સિટી તથા ગુજરાતી અધ્યાપક સંઘના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ગુજરાતીના અધ્યાપકોના ૬૩મા અધિવેશનનું આયોજન થયું હતું. આ અધિવેશનનું ઉદ્‌ઘાટન સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હરીશ પાઢે કર્યું હતું. આ અધિવેશનમાં અધ્યાપક સંઘના નવા પ્રમુખ તરીકેનો કાર્યભાર અનુસ્નાતક ગુજરાતી વિભાગના પ્રો. ભગીરથ બ્રહ્મભટ્ટે સંભાળ્યો હતો. આ અધિવેશનમાં ત્રણ બેઠકો યોજાઈ હતી. અર્ઘ્ય નામની પ્રથમ બેઠકમાં રાજેશ્રી જોશી, રમેશ ચૌધરી, દિનેશ ગંઝ, દેવેન્દ્ર ગઢવી, યોગેશ પટેલ જેવા નવોદિત અધ્યાપકોએ સામ્પ્રત ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ કૃતિઓની સમીક્ષા રજૂ કરી હતી. બીજી બેઠક પ્રત્યક્ષ વિવેચનને લગતી હતી. એમાં રમણ સોની, પ્રો. મણીલાલ હ. પટેલ (નિવૃત્ત), શિરીષ પંચાલ, કિશોર વ્યાસ અને ભરત મહેતાએ વક્તવ્યો આપ્યા હતા. ત્રીજી બેઠકમાં ભાષા સાહિત્યના અભ્યાસક્રમ અંગે સુમન શાહ અને બળવંત જાનીએ વક્તવ્યો આપ્યા હતા.

## Extension

- આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી સંચાલિત કોલેજ શ્રીમતી જયાબેન બી. પટેલ કોલેજ ઑફ કોમર્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ, આણંદ દ્વારા તાજેતરમાં મહુડિયાપુરા ગામ ખાતે એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

એન.એસ.એસ. કેમ્પમાં વિદ્યાર્થીઓ દ્વારા સાત દિવસ દરમ્યાન વિવિધ પ્રકારની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. જેવી કે વ્યસન મુક્તિ રેલી, વ્યસનમુક્તિ નાટક, જન જાગૃતિ કાર્યક્રમ, રમત-ગમત કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વૃક્ષારોપણ કાર્યક્રમ, રાષ્ટ્રીય વંદના કાર્યક્રમ, ભજન સંધ્યા, ગ્રામ સફાઈ કાર્યક્રમ, અંધશ્રદ્ધા જાગૃતિ અને ચૂંટણીમાં મત ના મહત્ત્વ અંગેનું નાટક વગેરે. આમ કોલેજનાં શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ દ્વારા એન.એસ.એસ. કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જેસીઆઈ, વલ્લભ વિદ્યાનગર દ્વારા યોગની તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને તથા ગામના સર્વને યોગનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝની એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર રાવળાપુરા મુકામે યોજાઈ હતી. એન.એસ.એસ.ની આ શિબિર શિબિરાર્થીઓ દ્વારા ગામની સફાઈ, દૂધ મંડળીની મુલાકાત, અહેવાલ જનસંપર્ક, પ્રાથમિક શાળામાં શિક્ષણ કાર્ય, મહેંદી હરિફાઈ, પોસ્ટર હરિફાઈ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વૃક્ષારોપણ, હોમિયોપેથીક મેડિકલ ચેકઅપ કેમ્પ જેવી પ્રવૃત્તિઓ કરી હતી. તેમજ વિવિધ વ્યાખ્યાનો, સેલ્ફ ડીફેન્સ તથા કરાટે અંગેની ટૂંકા ગાળાની તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરની સફળતા પાછળ ગામના સરપંચશ્રી દિનેશભાઈનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું.

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના એન.એસ.એસ. તથા એક્સટેન્સન યુનિટ દ્વારા બોરસદ તાલુકાના દહેમી ગામને શૈક્ષણિક અને સામાજિક કાર્ય માટે દત્તક લેવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ અંગેનો એક કાર્યક્રમ દહેમી ગામની વૃંદાવન નગર પ્રાથમિક શાળામાં સમસ્ત ગ્રામજનોની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ચારૂતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે ઉપસ્થિત રહી પોતાના અધ્યક્ષીય સંબોધનમાં કોલેજના આ નવતર પ્રયોગની પ્રશંસા કરી હતી અને એમાં ધાર્યું પરિણામ મેળવવા માટે ગ્રામજનોને સહકાર આપવા વિનંતી કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ વર્કના એન.એસ.એસ. યુનિટ અંતર્ગત ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના ડી.પી.ઓ. દર્શનાબેન પઘદારના સહયોગથી આપત્તિ વ્યવસ્થાપન વિષય પર પોસ્ટર પ્રદર્શન તથા માર્ગદર્શિકાઓનું વિતરણ કરવામાં આવ્યું. આ પોસ્ટર પ્રદર્શનમાં વિવિધ કુદરતી તથા માનવસર્જિત આપત્તિઓ જેવી કે ભૂકંપ, પૂર, વાવાઝોડું, રાસાયણિક તથા ઔદ્યોગિક અકસ્માત, આગ વગેરેના કારણો તથા અટકાવ અને બચાવના ઉપાયો પર પોસ્ટર દ્વારા માહિતી આપવામાં આવી.

તદ્ઉપરાંત ડિઝાસ્ટર મેનેજમેન્ટ સ્ટોલ ઊભો કરીને એમ.એસ.ડબલ્યુ.ના વિદ્યાર્થીઓએ વિવિધ માર્ગદર્શક પુસ્તિકા જેવી કે વિવિધ કુદરતી તથા માનવસર્જિત આફતો, શોધ અને બચાવ માટેની કાર્યપદ્ધતિઓ, સી.પી.આર., પૂર માટે સુરક્ષા, ભૂકંપ પૂર્વ તૈયારી અને સુરક્ષા, ઔદ્યોગિક અકસ્માત, આગ સામે ઘરમાં સુરક્ષા, વાવાઝોડા સામે પૂર્વ તૈયારી અને સુરક્ષા, આપત્તિ-વ્યવસ્થાપન-એક સમજનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

● ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ દ્વારા સંચાલિત શ્રી આઈ.જે. પટેલ એમ.એડ્. કોર્સ, મોગરીમાં અભ્યાસ કરતાં વર્ષ ૨૦૧૩-૧૪ના તાલીમાર્થીઓ માટે તા. ૨૨-૪-૨૦૧૪ના રોજ સંસ્કૃતના પ્રખર નિષ્ણાત તથા સાચા કેળવણીકાર તથા તત્ત્વચિંતક શાસ્ત્રી જયેન્દ્ર કે. દવેની નિશ્રામાં આશીર્વચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તેઓશ્રીએ તાલીમાર્થીઓને મૂલ્યો આધારિત ચારિત્ર્યપૂર્ણ જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડી હતી તથા વિદ્યાર્થી જીવન અને વ્યવહારિક જીવન વચ્ચેના ભેદ અંગે જણાવી વિદ્યાર્થીઓને જીવનની વાસ્તવિકતાઓથી અવગત કરાવ્યા હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં ઇનામ વિતરણ અને વિદાય સમારંભની ઉજવણી તાજેતરમાં થઇ હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ વર્કના એમ.એસ.ડબલ્યુ. ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પ્રિયંક સિંઘને 'અમદાવાદ મિરર' નામનાં સમાચાર પત્ર દ્વારા ''અમદાવાદ હિરો'' તરીકે બિરદાવવામાં આવ્યાં.

માત્ર ૨૪ વર્ષની ઉંમરે આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રિયંક સિંઘ દિલ્હી યુનિવર્સિટીમાંથી બી.એ. પોલિટીકલ સાયન્સના સ્નાતક છે તથા હાલમાં તેઓ સોશ્યલ વર્કનો અભ્યાસ કરે છે. તેઓએ અમદાવાદમાં ''ચાલક'' નામે પોતાની એન.જી.ઓ. શરૂ કરેલ છે. જે ટ્રક ડ્રાઈવરોની તકલીફો તથા તેઓના પરિવારના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ કરે છે. તેઓના આ પ્રયત્ન બદલ એ.એમ.સી. એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી તથા અન્ય ખ્યાતનામ સંસ્થાઓ તેઓને શુભેચ્છાઓ તથા સાથ-સહકાર આપે છે.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં મહિલા સશક્તિકરણ સપ્તાહ પૂર્ણાહૂતિ ઉજવણી તા. ૧૫-૩-૨૦૧૪ને શનિવારના રોજ કરવામાં આવી. આ ઉજવણી કંઇક વિશિષ્ટ રીતે કરવામાં આવી. એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો. ''નારી તુ નારાયણી'' શીર્ષક હેઠળ સરપ્રાઇઝ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો. જેમાં પ્રમુખ સ્થાન, મુખ્ય મહેમાન અને અતિથિ વિશેષ તરીકે વિદ્યાર્થી મંડળના હોદ્દેદારો રહ્યા. જેમાં સંચાલન પણ તાલીમાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં તાલીમાર્થી દ્વારા ગીત, પ્રવચન, પોતાના વિચારો, પોતાના અનુભવો રજૂ કર્યા હતા. મહિલા સશક્તિકરણ સપ્તાહની ઉજવણીમાં કોલેજમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા. જેમ કે, તા. ૮-૩-૨૦૧૪ના રોજ આ વિષયને લગતા પોસ્ટર અને ચિત્રો બુલેટીન બોર્ડ પર મૂકવામાં આવ્યા અને તા. ૧૦-૩-૨૦૧૪ના રોજ સ્ત્રી સશક્તિકરણના કાવ્યો અને લેખો મૂકીને સંકલન કરવામાં આવ્યું તથા તા. ૧૨-૩-૨૦૧૪ના રોજ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ અને આણંદ જિલ્લા ટાઉન પોલીસના ઉપક્રમે યોજાયેલ મહિલા સશક્તિકરણની રેલીમાં જોડાયા.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજનો ૩૩મો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાયો. આ વાર્ષિકોત્સવમાં અધ્યક્ષ તરીકે શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલ હતા. મુખ્ય મહેમાન ડૉ. કલ્પેશ એસ. પાઠક (પ્રિન્સીપાલ સેન્ટર ઑફ એજ્યુકેશન આઇઆઇટીઇ, ગાંધીનગર) અને અતિથિ વિશેષ તરીકે ડૉ. હરિભાઇ દેસાઇ (સેરલિપ, વલ્લભ વિદ્યાનગર) હતા.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના 'ઇક્વલ ઓપોર્ચ્યુનીટી સેન્ટર' દ્વારા તાજેતરમાં પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા લઘુમતિ કોમના પ્રશ્નો અને નિરાકરણ વિષય પર સ્પર્ધા યોજાયેલ.

સ્પર્ધાની શરૂઆત પ્રાર્થના પછી કોલેજના આચાર્યશ્રી ડૉ. આર.ડી. મોદીએ પ્રસંગોચિત ઉદ્બોધન કરેલ. સ્પર્ધાના નિર્ણાયક શ્રી પી.એમ. પરમાર (સોશ્યોલોજી ડીપાર્ટમેન્ટ,

સરદાર પટેલ યુનિવર્સિટી)એ ડૉ. બાબા સાહેબ આંબેડકરને યાદ કરીને લઘુમતિ કોમના પ્રશ્નો તેમજ તેના નિરાકરણ વિશે જાગૃત થવા જણાવેલ. વધુમાં તેમણે ભારતના બંધારણના અનુસંધાનમાં પણ લઘુમતિ કોમ અને ધર્મો વિશે વિસ્તૃત છણાવટ કરી હતી. સ્પર્ધાના નિર્ણાયક શ્રી પી.એમ. પરમારે સ્વરચિત કાવ્યપઠન દ્વારા વિદ્યાર્થીઓને સમભાવ અને સમાનતા કેળવવાની હિમાયત કરી હતી.

આ સ્પર્ધામાં કુલ ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. તેમાંથી શીતલ લોખંડે (ટી.વાય. બી.કોમ., સેલ્ફ ફાઇનાન્સડ) પ્રથમ ઇનામ, હીના ધનાની (એસ.વાય.બી.બી.એ., આઇટીએમ) દ્વિતીય ઇનામ, અફરોઝ સૈયદ (એમ.કોમ. સેમેસ્ટર-૪) તૃતીય ઇનામ તથા નરેશ વણઝારા (આશ્વાસન) ઇનામ પ્રાપ્ત કરેલ.

સમગ્ર સ્પર્ધાનું સંચાલન ઇઓસીના એડવાઇઝર પ્રો. એમ.ટી. ખાને કર્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ તથા સી.સી. પટેલ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે 'સાયન્સ ટેકનોલોજી એન્ડ અસ' વિષય પર પોસ્ટર મેકીંગ કમ્પિટિશન યોજાઇ હતી. જેમાં સી.સી. પટેલ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના માનદ્ ડાયરેક્ટર ડૉ. ઉજ્જ્વલભાઇ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. જેમણે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી અંગે ઉદાહરણ સહિત વિદ્યાર્થીઓને જ્ઞાન આપ્યું હતું. કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે એમ.બી. પટેલ સાયન્સ કોલેજના ડૉ. ઉમંગભાઇ ભરૂચા તથા કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં ડૉ. મનીષભાઇ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

હરિફાઇમાં પ્રથમ ક્રમે એમ.કોમ. સેમેસ્ટર-૨ની વિદ્યાર્થીની તહેમીના સૈયદ, દ્વિતીય ક્રમે બી.કોમ. સેમેસ્ટર-૨ની નિશાત કુરેશી તથા તૃતીય ક્રમે એમ.કોમ. સેમેસ્ટર-૨ હિરેન શાહ વિજેતા થયા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના 'ઇક્વલ ઓપર્ચ્યુનીટી સેન્ટર' દ્વારા તાજેતરમાં 'માનવ અધિકારો-એક ઓળખ' પર એસ.સી., એસ.ટી. તેમજ લઘુમતિઓ માટે ચર્ચામંચ ગોઠવવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તાજેતરમાં વાલી શિક્ષક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં તા. ૨૮-૨-૨૦૧૪ને શુક્રવારના રોજ સ્વ. જે.ડી. પટેલના સ્મરણાર્થે તથા જ્ઞાનધારા કોલેજ વુમન ડેવલપમેન્ટ સેલ અને કોલેજના પ્રવચન શ્રેણીના ભાગરૂપે માનવ અધિકાર જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. માનવ અધિકારો વિશે શ્રી પી.એમ. પટેલ (એસોસિએટ પ્રોફેસર, આણંદ લૉ કોલેજ)એ તાલીમાર્થીઓને સમજ આપી હતી.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સર્જનાત્મક ધારા અને કોલેજ વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા હેન્ડીક્રાફ્ટનો વર્કશોપ યોજાઇ ગયો. આ હેન્ડીક્રાફ્ટના કાર્યક્રમમાં શ્રી જયેશ ખોરાસીઆ (શ્રીજી હેન્ડીક્રાફ્ટ) દ્વારા તાલીમાર્થીઓને ટ્રેનિંગ આપવામાં આવી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ.કોમ. વિભાગમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ ડે ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ટ્રેડીશનલ ડે, બેક ટુ સ્કૂલ ડે, એન્વાયરમેન્ટ ડે, રેટ્રો ડે, ચેરીટી ડે અને ડબ્બા ડે નું આયોજન કરવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ કોલેજમાંથી ૨૭૦ અને અન્ય વિવિધ કોલેજોમાંથી ૭૩ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઇને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જેમાં રંગોળી, ચેસ, ડીબેટ, જંબલીંગ, બ્રેઇનવીટા, કમ્પ્યુટર કા ફંડા, ખુલ જા સીમ સીમ, એડ મેડ શો જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કોલેજ ખાતે વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા ''સેલ્ફ ડિફેન્સ ટ્રેઇનીંગ પ્રોગ્રામ''નો સમાપન સમારોહ યોજાઇ ગયો. આ ટ્રેઇનીંગ પ્રોગ્રામ ''સુરક્ષા સેતુ'' હેઠળ યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં કોલેજની ૩૫ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિવિધલક્ષી સેલ્ફ ડિફેન્સ ટેકનીક શીખવવામાં આવી હતી.

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ, વુમન્સ સેલ દ્વારા ''સિક્યોર હર મોબાઇલ સિક્યોરીટી એપ'' પર વ્યાખ્યાન તાજેતરમાં યોજાયું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી દિપાલી સોનાર (નવરંગ ફાઉન્ડેશન) રહ્યા હતા.

દિવસે દિવસે વધતા જતા ગુના-દર તેમજ હાલના તબક્કે પ્રત્યેક સ્ત્રીએ પોતાનું સ્વરક્ષણ પોતે જ કરવું રહ્યું, એ વિશે ચર્ચા થઇ હતી.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ ખાતે તાજેતરમાં સી.ડબલ્યુ.ડી.સી. (કોલેજિએટ વીમેન્સ ડેવલપમેન્ટ સેલ) સમિતિ અંતર્ગત વિદ્યાર્થીનીઓના લાભાર્થે પ્રો. ડૉ. સ્વાતિબહેન મહેતાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેનો વિષય હતોઃ ''સ્ત્રીઓની અંગત સમસ્યાઓ''.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એફ. શાહ ઇન્સ્ટિટ્યુટ ઑફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટમાં ધોરણ-૧૨ કોમર્સ અને આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન અંગે પરિસંવાદ યોજાયો હતો.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના ''ઉદિશા પ્લેસમેન્ટ સેલ'' અને ''જિલ્લા રોજગાર કચેરી'', આણંદના સંયુક્ત ઉપક્રમે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવેલ.

આ ભરતીમેળામાં કુલ ૨૨૫ ઉમેદવારોએ ભાગ લીધેલ. આસીસ્ટન્ટ મેનેજર (રીક્રુટમેન્ટ) શ્રી વૈભવ ભટ્ટ દ્વારા નોકરીવાંચ્છુઓને નોકરી અંગેની વિગતવાર માહિતી આપી. લેખિત પરીક્ષા લીધેલ તથા પાસ થયેલા ઉમેદવારોના પર્સનલ ઇન્ટરવ્યુ પણ લેવામાં આવેલ. આઇ.સી.આઇ.સી.આઇ. બેંક અને કોટક મહિન્દ્રા માટે ૬૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવેલ.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના બી.કોમ (સ્વનિર્ભર) તથા એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે ટ્રેડીશનલ ડે સેલીબ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજના બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ.કોમ. વિભાગમાં 'બેક ટુ સ્કૂલ ડે'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં બી.કોમ. (સ્વનિર્ભર) તથા એમ.કોમ.ના ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં સ્પર્ધા યોજવામાં આવી હતી. બી.કોમ. વિભાગમાં બહેનોમાં સાહિન વ્હોરા પ્રથમ ક્રમે, તસ્નીમ વ્હોરા દ્વિતીય ક્રમે તથા ભાઇઓમાં સાવન ભટ્ટ પ્રથમ ક્રમે, રજત દવે દ્વિતીય ક્રમે તેમજ અહેસાનઅલી વ્હોરા તૃતીય ક્રમે રહ્યા હતા. એમ.કોમ. વિભાગમાં બહેનોમાં કાજલ ચૌહાણ પ્રથમ ક્રમે, જીગીષા સુથાર દ્વિતીય ક્રમે અને પૂજા રાણા તૃતીય ક્રમે રહ્યા હતા. ભાઇઓમાં હિરેન શાહ પ્રથમ ક્રમે રહ્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ ખાતે કારકિર્દી માર્ગદર્શન અને આયોજન ઉદિશા પ્લેસમેન્ટ અંતર્ગત ''ટેલી'' અંગેનો પરિસંવાદ યોજાયો હતો.

- સરદાર પટેલ યુનિવર્સિટીના એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તાજેતરમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમ અંતર્ગત એક દિવસીય શ્રમશિબિર અને વ્યાખ્યાનનું આયોજન આચાર્યશ્રી ડૉ. એન. આર. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સદર શિબિરમાં શ્રીકૃષ્ણ હોસ્પિટલ અને પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજના પ્રોફેસર અને તબીબ ડૉ. ભાલેન્દુભાઇ વૈષ્ણવે યુવાનોને 'સમાજસેવાથી રાષ્ટ્ર સેવા' વિષય પર પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશનમાં ભૂતપૂર્વ તાલીમાર્થી સંઘ દ્વારા ઇંગ્લિશ લેંગ્વેજ એનરીચમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત 'ઇંગ્લિશ લેંગ્વેજ ગેમ્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં સંસ્થાના આચાર્યા ડૉ. વર્મલાબેનના અધ્યક્ષપણા હેઠળ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરવામાં આવી.

- એ.એસ. પટેલ આર્ટ્સ કોલેજ અને ટી. એન્ડ એન.એસ. પટેલ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન દ્વારા ગેસ સુરક્ષા સપ્તાહની ઊજવણી અંતર્ગત 'સેફ્ટી ક્લિનીક'નો કાર્યક્રમ યોજાઇ ગયો.

- આણંદ જિલ્લા ચુંટણી કમિશ્નરશ્રી દ્વારા મતદાર જાગૃતિ અભિયાન ૨૦૧૪ આયોજિત સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર વી.કે. ટંડેલ અને પ્રિ. શ્રી ડૉ. આર.ડી. મોદીનાં માર્ગદર્શન અને પ્રોત્સાહન દ્વારા ૨૪ વિદ્યાર્થીઓનાં એક ગૃપ એસ.વાય. બી.કોમ. કુ. વિધિ કારીયાએ નેતૃત્વ પુરુ પાડેલ અને 'ફ્લેશમોબ' તૈયાર કરેલ; કે જેમાં જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજ, ટ્રસ્ટ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં આચાર્યશ્રી

ડૉ. આર.ડી. મોદીના માર્ગદર્શન હેઠળ દુર્લભ ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ માટે સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ અને શ્રી મુકેશભાઇ તરફથી ઇન્ટર લાયબ્રેરી લોન ઉપર જૂના ચલણી સિક્કા, હસ્તપ્રતો, એન્ટીક તાળા વગેરે મેળવેલ હતું.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ** એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં વિશ્વવંદ્ય સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ સમગ્ર ભારતમાં ઉત્સાહ સભર ઉજવાઇ. તે અંતર્ગત 'વિવેકાનંદ સેન્ટર ઑફ પોઝેટીવ થિંકિંગ એન્ડ કાઉન્સેલીંગ' દ્વારા સ્વામી વિવેકાનંદ અને યુવા જયંતિની શાનદાર ઉજવણીના ભાગરૂપે પ્રિ. ડૉ. આર.ડી. મોદીના માર્ગદર્શન હેઠળ ''વિવેકાનંદ જીવનચરિત્ર'' મુવી રિવ્યુનું આયોજન કરવામાં આવેલ હતું.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝના ખાતે ટેલેન્ટ ડે યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના BBA (ISM), BBA (Gen), BCom, MCom, M.E. bizના વિદ્યાર્થીઓએ ૩૦થી વધુ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. જેમાં અનુક્રમે સોલો ડાન્સ, સીંગીંગ, ગૃપ ડાન્સ, મીમીક્રી, સ્ટંટ, ટ્રેડીશનલ ફેશન શો જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

- અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી દ્વારા રાજ્યસ્તરે સાયન્સ એક્સીલંસ ૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન હેઠળ યુ.જી.સી. તેમજ શિક્ષકગણ જેવા અલગ અલગ સ્તરે વિવિધ વિષયો માટે ઑરલ અને પોસ્ટર પ્રેઝન્ટેશન જેવી સ્પર્ધાઓ યોજાઇ હતી. ઉપરોક્ત સ્પર્ધામાં ચારૂતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષિકા ડૉ. સુસ્મિતા સાહુએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના પરિણામ રૂપે એન્વાયરોમેન્ટલ સાયન્સ વિભાગમાં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં એનવીપાસના એન્વાયરોમેન્ટલ સાયન્સ વિભાગના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ પ્રથમ સ્થાને- કુ. દૃષ્ટિ અમીન, બીજા સ્થાને કુ. ખુશ્બુ પટેલ તેમજ ઓરલ પ્રેઝન્ટેશનમાં ઋષિરાજસિંહ ઝાલાને બીજા સ્થાને વિજેતા ઘોષિત કર્યા હતાં. આ ઉપરાંત બોટની વિભાગમાં પોસ્ટર પ્રેઝન્ટેશનના વિજેતા તરીકે એનવીપાસના શિક્ષિકા ડૉ. સુસ્મિતા સાહુએ દ્વિતીય ઇનામ પ્રાપ્ત કર્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં હીરક જયંતિ મહોત્સવ તથા સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે કોલેજ પુસ્તકાલય દ્વારા તાજેતરમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ એજ્યુકેશન** કોલેજ આણંદમાં હીરક જયંતી મહોત્સવ તથા યુવા સપ્તાહ અંતર્ગત ગણિત-વિજ્ઞાન મંડળના નેજા હેઠળ તાજેતરમાં સ્નેક શો, વૈજ્ઞાનિક ડેમોન્સ્ટ્રેશન તથા મેથ્સ- સાયન્સ કવીઝનું આયોજન ડૉ. બી.સી. ગાંધી (નિવૃત આચાર્ય, આણંદ કોમર્સ કોલેજ, આણંદ)ના ઉદાર સખાવત દ્વારા કરવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં હીરક જયંતી મહોત્સવની ઉજવણી નિમિત્તે તથા ગુજરાતી અને હિન્દી વિષય મંડળના નેજા હેઠળ તાજેતરમાં સાડી પરિધાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝમાં તાજેતરમાં વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચોકલેટ ડે, ઇંજરી ડે, મિસમેચ ડે, કલાસ કલીનીંગ ડે, માસ્ક (હોરર) ડે, ગેમ્સ ડે, ટ્રેડીશનલ ડે, સિગ્નેચર ડે, ડેનીમ ડે જેવા ડે ઉજવાયા હતાં

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એફ. શાહ ઇન્સ્ટિટયુટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓની અમદાવાદ સ્થિત ''કલેરિસન પ્લાન્ટ''ની મુલાકાત યોજવામાં આવી હતી. સંસ્થાના ૫૭ વિદ્યાર્થીઓએ આ મુલાકાત દ્વારા પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ દ્વારા સંચાલિત આણંદ લો કોલેજના 5 YEAR INTERGRATED LAW COURSE-BBA;LL.Bના પ્રથમવર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તાજેતરમાં ADF PVT. LTD., નડીયાદ ખાતે ઔદ્યોગિક પ્રવાસ માટે લઇ જવામાં આવ્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ B.COM(SF)/BCAના વિદ્યાર્થીઓ માટે પ્રિ. ડૉ.આર.ડી. મોદી અને બી.કોમ (સ્વનિર્ભર) અને એમ.કોમના કો-ઓર્ડિનેટર ડૉ. અંકિતાબેનના માર્ગદર્શન હેઠળ સ્પેરીની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાનધારા અંતર્ગત સ્પેરીમાં ઓપન હાઉસની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં અલગ અલગ ડિવિઝન દ્વારા જુદી જુદી માહિતી આપવામાં આવેલ, જેવી કે- સોલર ડિવિઝનમાં સોલર ટર્મિનલ, ત્રીજી જનરેશનના સોલર વોટર સ્ટિમ, સોલર

કન્ટેનર, સોલર ટનલ ડ્રાયર, સોલર રેફ્રિજરેશન વગેરેની જાણકારી પ્રાપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ ટીસીસી ડિવિઝનમાં હોટ એર જનરેશન, વેસ્ટ વોટર યુનિટ, રસોઇ માટેની જાણકારી તેમજ અન્ય ડિવિઝનમાં બાયોટેકનોલોજી, બાયોગેસ યુનિટ સ્પ્રેરી ટેકનોલોજી, બાયોગેસ મૉડેલ અને સોલરથી ચાલતા સાધનોની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

● સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કૉલેજ ઑફ** એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે તા. ૨૮-૨-૨૦૧૪ના વિજ્ઞાન દિનના રોજ ભાઇકાકા અધ્યયન એકમ પ્રકલ્પ (ચેર) અંતર્ગત વ્યાખ્યાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો.(ડૉ.) હરીશ પાઢ અધ્યક્ષ તરીકે તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ સચિવ તથા ઉપાધ્યક્ષ શ્રી આર.એમ. પટેલ, અતિથિ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય વક્તા શ્રી આર.એમ. પટેલે ‘‘માધ્યમિક શિક્ષણ પરીક્ષણઃ નૂતન પ્રવાહો’’ વિષય અન્વયે ચિંતન પ્રેરક પ્રવચન આપ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં શૈક્ષણિક પ્રવચનશ્રેણી તથા ગીત-સંગીત ધારા હેઠળ તાજેતરમાં મ્યુઝિક થૈરાપી શૈક્ષણિક પ્રવચન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન વક્તા હતા ડૉ. હરીશ ગેર્શોમ (નિવૃત્ત અધ્યાપક, વી.પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર).

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજમાં સ્કીલ ડેવલોપમેન્ટના ભાગરૂપે અંગ્રેજી વિભાગના વડા ડૉ. આશુતોષ યાજ્ઞિક, જીતુલભાઇ અને ટેલી પાર્ટનર રાજીવ ધારેના માર્ગદર્શન હેઠળ ટેલી અકાઉન્ટીંગની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા ‘સ્કોપ’ અંગેનું વ્યાખ્યાન લેંગ્વેજ લેબમાં યોજાયેલ. સ્કોપ એસેસમેન્ટ બોડી કાઉન્સીલ, અમદાવાદના શ્રી ધીનલ રાજગુરૂ, શ્રી હરીશ નૈયર તથા તેમની ટીમ દ્વારા સ્કોપની B અને C લેવલ પરીક્ષા અંગેની સવિસ્તાર માહિતી, ડેમોસ્ટ્રેશન દ્વારા આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓને B અને C લેવલ પરીક્ષાની તૈયારી માટે Online એક્સેસ કરવાની સમજણ આપી હતી.

● સરદાર પટેલ યુનિવર્સિટીની **એમ.બી. પટેલ કોલેજ** ઑફ એજ્યુકેશન ખાતે ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ કવિ સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ ‘કલાપી’ની ૧૪૦મી જન્મ શતાબ્દીની ઉજવણી આચાર્યશ્રી ડૉ. એન. આર. પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા હેઠળ ડૉ. આર.ડી. મોદીના માર્ગદર્શન હેઠળ ડૉ. સજના પિલ્લાઇ અને કમિટીના સભ્યો દ્વારા "Self Management" વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન અર્થે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિદ્યાલયના પ્રો. ઈ.વી. ગિરીશને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

● ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગરમાં ફેકલ્ટી ઑફ ક્રિએટીવ એક્સપ્રેશન દ્વારા ‘શિક્ષણ પદ્ધતિમાં બદલાવ’ વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ઇનામ મિ. રોનીક રત્નેશ્વર (એફ.વાય. બી.એસસી. ડિવીઝન એ)ને મળ્યું હતું. જ્યારે દ્વિતીય સ્થાને કુ. ખેમ કનવર (એસ.વાય. ઇસ) અને મિ. પાર્થ ઠાકુર (એફ.વાય. બી.એસસી. ડિવીઝન એ) રહ્યા હતા. જ્યારે ત્રીજા સ્થાને કુ. શિવાંગી ચનીયારા (એફ.વાય. બી.એસસી. ડિવીઝન એ) રહ્યા હતા. વી.પી. સાયન્સ કોલેજના અંગ્રેજી વિભાગના વડા શ્રી ડૉ. ચારૂદત્ત ગુર્જર તથા એનવીપાસ કોલેજના અંગ્રેજી વિભાગના વડાશ્રી કાર્તિક જગતાપે સ્પર્ધાનું મૂલ્યાંકન કર્યું હતું.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત વલ્લભ વિદ્યાનગરની નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસમાં અભ્યાસ કરતી ચાર વિદ્યાર્થિનીઓએ રાજ્ય કક્ષાએ આયોજિત મિનાક્ષી લલિત સાયન્સ એવૉર્ડ પરીક્ષામાં પ્રથમ તથા દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાને તેમજ કૉલેજને ગૌરવ અપાવ્યું છે. ગણિતશાસ્ત્ર વિભાગમાં તૃતીય વર્ષ બી.એસસી.માં અભ્યાસ કરતી કુમારી લોકીતા પટેલ ગણિત વિષયમાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમાંક તેમજ દ્વિતીય વર્ષ બી.એસસી.માં અભ્યાસ કરતી કુમારી નેહલ બાંભરોલીયાએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી ઝળહળતી સિદ્ધિ મેળવી છે.

એન્વાયરમેન્ટલ સાયન્સ વિભાગમાં તૃતીય વર્ષમાં અભ્યાસ કરતી બીનલ શાહે પ્રથમ સ્થાન તેમજ કુમારી બીનુમોલ થોમસે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

• ચારૂતર વિદ્યામંડળ સંચાલિત **સેમકોમ કોલેજ**, વલ્લભ વિદ્યાનગર દ્વારા તાજેતરમાં ત્રિદિવસીય મેનેજમેન્ટ કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત ટેકનોફેસ્ટ, ફેકલ્ટી રીસર્ચ પેપર કોન્ટેસ્ટ, એડ મેકિંગ, એલિકોન બેસ્ટ બિઝનેસ આઇડીયા કોન્ટેસ્ટ, ઇબીઝ સમીટ જેવા કાર્યક્રમ યોજાયા હતા.

• ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિદ્યાનગરના દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી. જીનેટીક્સના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓએ Hungry Genes નામનું એક ગૃપ બનાવ્યું છે. તેના અંતર્ગત "hungry genes'.... hungry for memories 2013" નામનો કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ નકામી વસ્તુમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવીને તેનું વેચાણ કોલેજના પ્રાંગણમાં યોજવામાં આવ્યું હતું. આ વેચાણ દરમ્યાન કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા કોલેજના અન્ય કર્મચારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. આ વેચાણથી ઉપજેલી રકમનો સત્કાર્યમાં ઉપયોગ કરવાનું નક્કી કરાયું હતું. આ કાર્યક્રમ માટે કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેવ બક્ષી, વિભાગીય વડા ડૉ. મધુમતી બોરા, ડૉ. યોગેશ પટેલ (NSS), ડૉ. અંજલી કુલકર્ણી અને ડૉ. ઇશા દેસાઇએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો.

આ કાર્યક્રમ દરમ્યાન એકત્ર થયેલ રકમ કોઇ જરૂરિયાતમંદ અને નિઃસ્વાર્થભાવે કાર્ય કરતી સામાજિક સંસ્થામાં દાન કરવાના આશયથી 'હિન્દુ અનાથ આશ્રમ' નડિયાદની પસંદગી કરવામાં આવી હતી. આ સંસ્થા ઘણા વર્ષોથી અથાગ પ્રયત્નો કરી તેમની સંસ્થામાં આવતા અનાથ બાળકોને અસીમ પ્રેમ આપીને અને કાળજીપૂર્વક ઉછેરીને, સમાજના અવિભાજ્ય અંગ બની શકે તે માટે સક્ષમ બનાવે છે.

૧૮ જાન્યુઆરી ૨૦૧૪ શનિવારના રોજ 'Hungry Genes' ટીમના વિદ્યાર્થીઓ ડૉ. બાસુદેબ બક્ષી (પ્રિન્સીપાલ), ડૉ. મધુમતી બોરા, ડૉ. અંજલી કુલકર્ણી અને ડૉ. ઇશા દેસાઇની આગેવાની હેઠળ હિન્દુ અનાથ આશ્રમની મુલાકાતે ગયા હતા. વિદ્યાર્થીઓએ એકઠી કરેલી રકમમાંથી આશ્રમના બાળકો માટે ઉપયોગી થઇ શકે તેવી વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી, જેવી કે- પેન, પેન્સિલ, નોટબુક્સ, કલર્સ, ડ્રોઇંગબુક્સ અને રમતગમતના સાધનો જેવા કે- ફૂટબોલ અને બેડમિન્ટન સેટ પણ ભેટરૂપે આપ્યા હતા.

• શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત **આણંદ ઇન્સ્ટીટ્યુટ** ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે ૨૫મું માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત ''માર્ગ સલામતી માર્ગદર્શન'' વિષય ઉપર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

• શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજના એન.સી.સી. વિભાગ દ્વારા એન.સી.સી. કેડેટને ઉત્તેજન-પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી આણંદ ટાઉન પી.આઇ. શ્રી વાઘેલા સાથે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.

• સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં ચાલુ વર્ષે વસ્તી સમસ્યાને હળવી કરવાના ઉદ્દેશથી PECની રચના કરવામાં આવી. જેના ચેરપર્સન તરીકે કોલેજના આચાર્યશ્રી ડૉ. આર.ડી. મોદી અને કન્વીનર તરીકે પ્રા. વર્ષાબેન કે. ટંડેલે આ નિબંધ સ્પર્ધાનું આયોજન કરેલ. જેનો વિષય ''શું ભારતની વસ્તી અસ્કયામત છે કે જવાબદારી?'' તેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા કુ. સાહિન વાય. વ્હોરા (એસ.વાય. બી.કોમ.), જ્યારે દ્વિતીય વિજેતામાં કુ. નિકિતા આર. દેવનાની (ટી.વાય. બી.કોમ., એસ.એફ.) અને દર્શન એલ. દરજી (એમ.કોમ.) રહ્યા હતા. જ્યારે ત્રીજુ ઇનામ શતાબ્દી એસ. મંડલ (એસ.વાય. બી.કોમ.) પ્રાપ્ત કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર તરફથી ઇનામ વિતરણ કરવામાં આવ્યાં હતાં. નિર્ણાયક તરીકેની કામગીરી એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદના ડૉ. ધવલ દવે (અર્થશાસ્ત્ર વિભાગ)એ બજાવેલ.

• શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ કોમર્સ કોલેજમાં યુવા મતદાર મહોત્સવ ૨૦૧૪ની ઉજવણીના ભાગરૂપે કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં સ્પર્ધક તરીકે ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાંથી રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ જીલ્લાના સ્પર્ધક તરીકે આણંદ કોમર્સ કોલેજના કેટેગરી વાર ૪ વિદ્યાર્થીઓને પસંદ કરેલ છે. જેમાં પ્રથમ નંબરે મુકુલઆનંદ એમ. ચૌહાણ, દ્વિતીય ક્રમે ૨ વિદ્યાર્થીઓ ન્યુટન કે. મોનિતા અને કુણાલ એન. પટવા તથા ત્રીજા ક્રમે હીનાબેન વી. વોરાએ કેટેગરી ૩ મેસ્કોટ ડીઝાઇનીંગમાં નંબર પ્રાપ્ત કરેલ છે. આ તમામ વિદ્યાર્થીઓને માનનીય કલેક્ટરશ્રી દ્વારા રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.

• શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજમાં હીરક જયંતી મહોત્સવ તથા યુવા સપ્તાહના સમાપન

સમારોહ તાજેતરમાં જ્ઞાનધારા અને કલા કૌશલ્ય અંતર્ગત ચંચળબેન ડાહ્યાભાઇ પટેલ આંતર બી.એડ્. કોલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નિર્ણાયક સ્થાને ડૉ. માનસિંહ ચૌધરી, પ્રાધ્યાપક સુધાબેન રાઠવા, પ્રા. દર્શનાબેન ઠાકોરે હાજરી આપી હતી.

આ વક્તૃત્વ સ્પર્ધાનો વિષય હતો 'પ્રવર્તમાન સમયમાં નારી સુરક્ષિત છે' અને આ સ્પર્ધામાં વિવિધ કોલેજની તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ત્રણ વિજેતાઓને જાહેર કરવામાં આવ્યા. તેમાં પ્રથમ ક્રમે કિંજલ છાસટિયા (આણંદ એજ્યુકેશન કોલેજ), દ્વિતીય ક્રમે ધરતી શર્મા (આણંદ એજ્યુકેશન કોલેજ) અને તૃતીય ક્રમે શિતલ માછી (એન.એચ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન) આવ્યા હતા.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળની ૬૦ વર્ષની ઉજવણીના ભાગ રૂપે આણંદ કોમર્સ કોલેજમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ રમતોત્સવમાં ૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ, ઊંચી કૂદ, લાંબી કૂદ, ચક્રફેંક, ગોળાફેંક, લીંબુ ચમચી તેમજ સંગીત ખુરસી જેવી સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

● શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ લો કોલેજ દ્વારા વાર્ષિક મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ રમતોત્સવમાં સંસ્થાના કુલ ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ દોડ-કૂદ-બરછી ફેંક-ચક્ર ફેંક-ગોળા ફેંક જેવી રમતો તથા લીંબુ ચમચી, કોથળા દોડ, ઉંધી દોડ, ત્રીપગી દોડ જેવી રમતોમાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધાઓનું પરિણામ આ મુજબ છેઃ

૧. ૧૦૦ મીટર દોડ - અનિરુદ્ધસિંહ ચૌહાણ, અંજના રાઠવા, મિરઝા દિલનવાઝ, શીતલ ચાવત, અભિષેક મહેતા, શગુફ્તા સિદ્ધીકી

૨. ૨૦૦ મીટર દોડ - અનિરુદ્ધસિંહ ચૌહાણ, અંજના રાઠવા, મિરઝા દિલનવાઝ, શીતલ ચાવત, ભાવિન ઠક્કર, શગુફ્તા સિદ્ધીકી અને માનસી શાહ

૩. ૪૦૦ મીટર દોડ - મોહસીન એમ. દિવાન, અનિરુદ્ધ ચૌહાણ, રીયાઝ મલેક

૪. બરછી ફેંક - જોગીશ રાવલ, અંજના રાઠવા, મોહસીન દિવાન, હેતલ, હેમંત ચૌહાણ, ગાયત્રી આર.વી.

૫. ગોળા ફેંક - સદ્દામ શેખ, અંજના રાઠવા, કેતુર પટેલ, ગાયત્રી આર.વી., ભીષ્મ ગોસ્વામી, મીર કનારા

૬. ચક્ર ફેંક - સદ્દામ શેખ, ગાયત્રી આર.વી., રીયાઝ મલેક, અંજના રાઠવા, ભીષ્મ ગોસ્વામી, સ્નેહલ

૭. લાંબી કૂદ - અનિરુદ્ધસિંહ ચૌહાણ, અંજના રાઠવા, મિરઝા દિલનવાઝ, સગુફ્તા સિદ્ધીકી, અંકિત પટેલ, ભારતી બ્રહ્મભટ્ટ

૮. લીંબુ ચમચી - માનસી શાહ, અર્પિતા પટેલ

૯. કોથળા દોડ- અંજના રાઠવા, ભારતી બ્રહ્મભટ્ટ

૧૦. ત્રીપગી દોડ- અર્પિતા પટેલ, ભારતી બ્રહ્મભટ્ટ, દીક્ષા મિશ્રા, માનસી શાહ

૧૧. ઉંધી દોડ - અર્પિતા પટેલ, ભારતી બ્રહ્મભટ્ટ

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ** એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં તા. ૧૨-૨-૨૦૧૪ના રોજ ૪૪મો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો હતો. કોલેજના ૪૪માં રમતોત્સવમાં કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. તેમાં ભાઇઓના વિભાગમાં પટેલ કાર્તિક (TY BBA ITM) ચેમ્પિયન તથા (SY BBA ITM) રનર્સઅપ થયા હતા. તેવી રીતે બહેનોના વિભાગમાં પટેલ આશ્રુતિ (FY BCom) ચેમ્પિયન થયા હતા અને હેતલ ડી. મેણાત (SY BCom) રનર્સઅપ થયા હતા.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત વલ્લભ વિદ્યાનગરની એન.વી. પટેલ સાયન્સ કોલેજમાં તાજેતરમાં કોલેજના સ્પોર્ટ્સ વિભાગ દ્વારા ''સ્પોર્ટ્સ ડે''નું આયોજન કરવામાં આવેલ.

સમગ્ર આયોજન દરમ્યાન કોલેજના આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ એથ્લેટીક્સની વિવિધ રમતોમાં ભાગ લીધેલ. વિવિધ સ્પર્ધાઓના પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાઓ આ મુજબ છે. ૧૦૦ મી. (ભાઇઓ)માં ધવલ ટંડેલ, ઉર્વીશ પટેલ તથા એલોય ફર્નાન્ડીસ, ૨૦૦ મી. (બહેનો)માં કવિતા ટંડેલ, શિવાની પટેલ તથા ક્રિશ્ના, ૪૦૦ મી. (ભાઇઓ)માં વિક્રમસિંહ ચૌહાણ, આર્દશ નાયર તથા ઉર્વીશ પટેલ, ૪૦૦ મી. (બહેનો)માં પ્રિયંકા મહેરા, અશ્વિની ખાંડેકર તથા સિદ્ધિ માલી, ૮૦૦ મી. (ભાઇઓ)માં ગણેશ પટેલ, ઉર્વીશ પટેલ તથા રોહન પરમાર, ૮૦૦ મી. (બહેનો)માં પ્રિયંકા મહેરા, અશ્વિની ખાંડેકર તથા તેજ કુંવર રોય, ૧૫૦૦ મી. (ભાઇઓ)માં પ્રીતેશ પટેલ, આદર્શ નાયર, તથા દિનેશ ચૌધરી, ૫૦૦૦ મી. (ભાઇઓ)માં મહેન્દ્ર પાગી, ગણેશ પટેલ તથા નૈમેષ પટેલ, ઉંચી કૂદ (ભાઇઓ)માં વિશાલ પાટીદાર, દિવ્યાંગ પટેલ તથા માસુમ બથાની, ઊંચી કૂદ (બહેનો)માં કવિતા ટંડેલ, નુપૂર

પટેલ તથા જાનકી પટેલ, લાંબી કૂદ (ભાઇઓ)માં યતીન પટેલ, દિવ્યાંગ પટેલ તથા મહેન્દ્ર પાગી, લાંબી કૂદ (બહેનો)માં પ્રિયંકા મહેરા, કિંજલ ડોબરિયા તથા જાનકી પટેલ, લંગડી ફાળ કૂદ (ભાઇઓ)માં નયન પટેલ, મહેન્દ્ર પાગી, લંગડી ફાળ કૂદ (બહેનો)માં પ્રિયંકા મહેરા, સૃષ્ટિ પટેલ તથા કિંજલ ડોબરિયા, ગોળા ફેંક (ભાઇઓ)માં રોહન પરમાર, હર્ષિલ પટેલ તથા હિતેન પટેલ, ગોળા ફેંક (બહેનો)માં નુપુર પટેલ, જાનકી પટેલ તથા ભાવિના પટેલ, ચક્ર ફેંક (ભાઇઓ)માં હર્ષિલ પટેલ, યશ સોની તથા પાર્થ પટેલ, ચક્ર ફેંક (બહેનો)માં શ્રેયા શાહ, અંજલી કેમલ તથા નિધિ શાહ, ભાલા ફેંક (ભાઇઓ)માં હર્ષિલ પટેલ, યશ સોની તથા હિતેન પટેલ, ભાલા ફેંક (બહેનો)માં નુપૂર પટેલ, કિંજલ ડોબરિયા તથા પ્રિયંકા મહેરા તથા હથોડા ફેંક (ભાઇઓ)માં હર્ષિલ પટેલ, હિતેન પટેલ તથા પ્રફુલ્લ બારડ.

- પ્રોગ્રેસીવ ગૃપ ઑફ કોલેજીસ દ્વારા તાજેતરમાં શાસ્ત્રી મેદાન, વલ્લભ વિદ્યાનગરમાં આયોજીત આંતર કોલેજ ખેલ-કૂદ રમતોત્સવમાં વિવિધ ૨૩ કોલેજોના ૫૦૦ ખેલાડી ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બહેનો વિભાગમાં ખેલકૂદની વિવિધ ૧૧ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

સમગ્ર રમતોત્સવમાં સ્પર્ધાને અંતે બહેનો વિભાગમાં વલ્લભ વિદ્યાનગરની ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કોલેજની બહેનોની ટીમ ૨૩ પોઇન્ટસ મેળવી ચેમ્પીયન જાહેર થઇ.

એન.વી. પટેલ સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓ પ્રિયંકા મહેરાએ ૪X૧૦૦ રીલે પ્રથમ સ્થાન અને ૧૦૦, ૮૦૦ મીટર દોડમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે. જ્યારે કવિતા ટંડેલ ૪X૧૦૦, હાઇ જમ્પમાં પ્રથમ સ્થાન અને ૨૦૦મી. દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જ્યારે શિવાની પટેલે ૪X૧૦૦માં પ્રથમ સ્થાન અને ૧૦૦મી. દોડમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. જ્યારે ક્રિશ્ના પટેલે ૪X૧૦૦માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર રમતોત્સવમાં ગૌરવ સ્થાન (ચેમ્પીયન) પ્રાપ્ત કરેલ છે.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં ટાઉન પોલીસના 'સુરક્ષા સેતુ' અંતર્ગત કરાટે ટ્રેનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમ શિબિરમાં કુલ ૮૩ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ, સ્વ-રક્ષણની વિવિધ ટેકનીક્સનો પરિચય મેળવ્યો હતો.

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એન.વી. પટેલ સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં ચારૂતર વિદ્યામંડળ, ચરોતર એજ્યકેશન સોસાયટી તથા રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત ગૃપ ઑફ પ્રોગ્રેસીવ કોલેજીસ માટે યોજવામાં આવેલ ખેલકૂદ મહોત્સવમાં એન.વી. પટેલ સાયન્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ બાસ્કેટબોલ સ્પર્ધામાં રનર્સ અપ ચેમ્પિયન બનીને કોલેજનું ગૌરવ વધારેલ છે. નોક આઉટ પદ્ધતિ દ્વારા ગૃપ ઑફ પ્રોગ્રેસીવ કોલેજીસની કુલ ૧૦ ટીમો વચ્ચે રમાયેલ આ ટુર્નામેન્ટમાં કોલેજની વિદ્યાર્થીનીઓ સર્વે કૃપા જાની (કેપ્ટન), કવિતા ટંડેલ, નુપૂર પટેલ, કૃતિ પંડ્યા, સિદ્ધી માલી, દેવાંશી દેસાઇ તથા જાનકી પટેલની ટીમે ઉત્કૃષ્ટ દેખાવ કરીને સમગ્ર ટુર્નામેન્ટમાં દ્વિતીય વિજેતાપદ હાંસલ કરેલ.

- શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત અખિલેશ સુરેશભાઇ પટેલ આર્ટ્સ કોલેજ બોરીઆવીમાં તાજેતરમાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એફ. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દોડ વિભાગમાં ૧૦૦ મી., ૨૦૦ મી., ૪૦૦ મી., ફેંક વિભાગમાં - ચક્ર ફેંક, ગોળા ફેંક, બરછી ફેંક, કૂદ વિભાગમાં- લોંગ જમ્પ જેવી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ રમતોત્સવમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ રમતોત્સવમાં આદિત્ય મોરે (ટી.વાય.) પ્રથમ ક્રમે- ગોળા ફેંક, ચક્ર ફેંકમાં, દ્વિતીય ક્રમે- ૨૦૦ મી. દોડ, ત્રીજા ક્રમે- ૧૦૦ મી. અને બરછીફેંકમાં કુલ છ વિભાગમાં ક્રમાંક પ્રાપ્ત કરી ચેમ્પિયન થયેલ છે. અને ભાઇઓમાં વિશાલ ઓડ (ટી.વાય.) રનર્સઅપ થયેલ છે.

શિવાંગી ગોસ્વામી (ટી.વાય.)એ પ્રથમ ક્રમે- ડીસ થ્રો, લાંબી કૂદ, ગોળા ફેંક, દ્વિતિય ક્રમે-૧૦૦ મી.માં ૨૦૦ મી.માં ત્રીજા ક્રમે, બરછી ફેંક કુલ છ વિભાગોમાં ક્રમાંક પ્રાપ્ત કરી ચેમ્પિયન થયેલ છે. બહેનોમાં સીફા વ્હોરા (એસ.વાય.) રનર્સઅપ થયેલ છે.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ ઇન્સ્ટીટ્યુટ ઑફ સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓ દ્વારા વડોદરા શહેરના જાણીતા ડોક્ટરો તથા ગોરજ મુનિસેવાશ્રમના સહયોગથી આસોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આસોજ ગામે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પમાં આંખ તપાસ, નિઃશુલ્ક ચશ્મા વિતરણ, ડાયાબિટિસ ચેકઅપ, બાળ રોગો, સ્ત્રી રોગો, હાડકાના રોગો, દાંતના રોગો, વગેરે માટેના નિષ્ણાત ડોક્ટરોને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં તથા

ગોરજ મુનિસેવાશ્રમના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આસોજ તથા આજુબાજુના ગામનાં કુલ મળીને ૪૮૬ દર્દીઓએ સેવાઓનો લાભ લીધો હતો. તથા રક્તદાન શિબિર દ્વારા કુલ ૩૬ બોટલ રક્ત ભેગું કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૨૧૩ દર્દીઓએ આંખ તપાસ તથા નિઃશુલ્ક ચશ્મા વિતરણનો લાભ પણ લીધો હતો.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં રેડ- રિબન ક્લબ અને એન.એસ.એસ.ના યુનિટ અંતર્ગત પ્રિ. ડૉ. આર.ડી. મોદીના પ્રોત્સાહનથી જી.કે. ટેસ્ટ યોજાઇ ગઇ. ભારતીય સમાજમાં આજે પણ એઇડ્સ અંગે ગેરસમજો પ્રવર્તમાન છે. એટલે જ સૌથી વધુ ૯૦% એઇડ્સ દર્દીઓ જાણકારીનાં અભાવે થાય છે. આ માટે લગભગ યુવાનો જ જવાબદાર છે. ત્યારે સી.પી. કોમર્સ કોલેજનું એન.એસ.એસ. યુનિટ અને રેડરિબિન ક્લબ અન્વયે ૨૫ માર્ક્સ અને ૨૫ સવાલ સાથે કુલ ૧૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી લગભગ ૯૦ જેટલી વિદ્યાર્થીનીઓ અને ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંપૂર્ણ કાર્યક્રમની જવાબદારી પ્રોગ્રામ ઓફિસર પ્રા. વર્ષાબેન ટંડેલ અને પ્રોગ્રામ ઓફિસર હરિશ પંજાબીએ સંભાળી હતી. જેમાં કુલ ૬ વિજેતાઓ જાહેર કરેલ. પ્રથમ સ્થાને બે વિદ્યાર્થીઓ જયેશ કે લુહાણા (ટી.વાય. બી.કોમ.) અને વ્હોરા ફૈઝા એ (ટી.વાય. બી.કોમ.) તથા દ્વિતીય ક્રમે બે વિદ્યાર્થીનીઓ રહી હતી-પૂજા મહેન્દ્રસિંઘ ઝાંઝરીયા (ટી.વાય. બી.કોમ.) અને ઘાંચી વ્હોરા શબનમ (એસ.વાય. બી.કોમ.), જ્યારે ત્રીજુ ઇનામ બે વિદ્યાર્થીનીઓએ પ્રાપ્ત કરેલ પટેલ વૃંદાબેન ભુપેન્દ્રભાઇ (ટી.વાય. બી.કોમ.) અને સોની પૂજા આર (ટી.વાય. બી.કોમ.)

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસના એન.એસ.એસ. વિભાગ દ્વારા શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદના સહયોગથી કોલેજમાં આ વર્ષે જોડાયેલ નવા વિદ્યાર્થીઓ માટે આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજવામાં આવ્યો. જે અંતર્ગત હોસ્પિટલના વિવિધ રોગોના નિષ્ણાત ડોક્ટરોની ટીમ-જેમાં વિવિધ રોગોના નિષ્ણાત જેવાકે આઇ, ડેન્ટલ, ગાયનેક, સ્કીન, જનરલ મેડીસીન્સ અને ઇ.એન.ટી.એ સેવાઓ આપી હતી. કૃપા કાર્ડ યોજના અંતર્ગત યોજવામાં આવેલ આ હેલ્થ ચેક-અપ કેમ્પમાં કોલેજના ૨૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

- શ્રી રામકૃષ્ણ સેવામંડળ સંચાલિત આણંદ ઈન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ સ્ટડીઝ ખાતે એન.એસ.એસ. તથા રેડ રીબન ક્લબ અંતર્ગત તાજેતરમાં એઇડ્સ અવેરનેસ વિષય પર પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં બી.બી.એ., બી.કોમ., એમ.કોમ.ના ૧૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે મેકવાન બ્રીજેશ રાજેશભાઇ (એફ.વાય. બી.કોમ.), દ્વિતીય ક્રમે નીરવ પ્રજાપતિ (ટી.વાય. બી.કોમ.) વિજેતા થયા હતા. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને કોલેજના કાર્યકારી આચાર્ય દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

આ જ સંસ્થા ખાતે એન.એસ.એસ. તથા રેડ રીબન ક્લબ અંતર્ગત તા. ૨૦-૨-૨૦૧૪ના રોજ એઇડ્સ અવેરનેસ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ભુપેન્દ્રભાઇ ભોઇ દ્વારા વિદ્યાર્થીઓને એઇડ્સ વિષે વિસ્તૃત જાણકારી પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી.

આ જ સંસ્થા ખાતે તાજેતરમાં વુમન સેલ અંતર્ગત હેલ્થ એન્ડ સેફ્ટી વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. ધારા ત્રિવેદી (MD, Homeopathic)એ વિદ્યાર્થીઓને હેલ્થ એન્ડ સેફ્ટી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇ સાયન્સીઝ ખાતેનાં એન્ટી ટોબેકો સેલ દ્વારા વ્યસન મુક્તિ વિષય ઉપર પોસ્ટર એક્ઝીબીશન યોજવામાં આવ્યું. જેમાં ૧૫૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લઇ ૭૫ જેટલા પોસ્ટર તૈયાર કર્યા. જે દ્વારા તમાકુ, ગુટખા તથા અન્ય વ્યસનો દ્વારા થતી બરબાદી સચિત્ર દર્શાવવામાં આવી. પ્રદર્શનના ઉદ્‌ઘાટક તરીકે સી.વી.એમ. ફાઇન આર્ટ્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી કનુભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

- સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એફ. શાહ ઈન્સ્ટિટ્યુટ ઑફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટમાં તા. ૧૫-૨-૨૦૧૪ના રોજ HIV AIDS અંગે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીમાંથી ઉપેન્દ્રભાઇ ભોઇનું વ્યાખ્યાન યોજાયું હતું.

- ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ ખાતેના એન.એસ.એસ. વિભાગ દ્વારા એ.ડી. ગોરવાલા બ્લડ બેન્ક, શ્રી કૃષ્ણ હોસ્પિટલ, કરમસદના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના ૧૧૩ વિદ્યાર્થીઓએ સમાજ ઉપયોગી એવા આ ઉમદા કાર્યમાં ભારે ઉત્સાહથી ભાગ લઇને રક્તદાન કર્યું હતું.

● સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં એન.એસ.એસ. યુનિટના ઉપક્રમે અને આણંદની લાયન્સ ક્લબ દ્વારા 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ સાથે બી.કોમ.ના ભરતીમેળાનાં કાર્યક્રમનું પણ આયોજન થયેલું હતું. લાયન્સ ક્લબના લીડર શ્રી રજનીભાઇનાં જણાવ્યા અનુસાર આ કોલેજમાં મુસ્લીમ વિદ્યાર્થીઓના રક્તદાનથી તેમના અંગે ખોટી માન્યતા દૂર થયેલ છે.

આ જ કોલેજનાં એન.એસ.એસ. યુનિટ દ્વારા 'એઇડ્સ અવેરનેસ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મનિષાબેન ગોહેલે એઇડ્સ અને એચ.આઇ.વી. અંગે સ્પષ્ટ જાણકારી, તેના લક્ષણો, શરૂઆતનાં ચિન્હો અને એઇડ્સ અંગેની ગેરસમજો સમાજમાં ફેલાયેલી છે તેને સમજાવવા તેમણે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન તથા પ્રશ્નોત્તરી દ્વારા વિશેષ સમજ આપી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન તથા ગુજરાત એઇડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એઇડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષસ્થાને ડૉ. વી.ટી. ભમ્વરી, મુખ્ય વક્તા ડૉ. યજ્ઞેશભાઇ પંડ્યા (પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ), પ્રા. પ્રકાશભાઇ બી. પટેલ (ઇન્ચાર્જ આચાર્ય), ડૉ. વી. વી. બારૈયા (કન્વીનર) અને પ્રા. દિલીપભાઇ વસાવા (કન્વીનર) ઉપસ્થિત રહ્યા હતા.

● શ્રી બોરીઆવી કેળવણી મંડળ સંચાલિત એ.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, બોરીઆવીમાં તા. ૧-૨-૨૦૧૪ને શનિવારના રોજ ''એઇડ્સ અવેરનેસ'' વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ''એઇડ્સને કઇ રીતે નાથી શકાય ?'' તેમજ વિદ્યાર્થીઓમાં સભાનતા કેળવાય તે માટે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન તથા ઇનર વ્હીલ ક્લબ, આણંદના સંયુક્ત ઉપક્રમે બ્રેસ્ટ કેન્સર અંગેનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. અધ્યક્ષસ્થાને ઝિંકલ પંડ્યા, મુખ્ય વક્તા તરીકે ડૉ. સચીનભાઇ વાની (કેન્સર ડિપાર્ટમેન્ટ, કરમસદ), મીનાક્ષીબેન સનીયાલ (પ્રમુખ, ઇનર વ્હીલ ક્લબ), દિપાબેના નિયોગી (ઉપપ્રમુખ, ઇનર વ્હીલ ક્લબ), આચાર્યા ડૉ. માલાબેન, ઇન્ચાર્જ આચાર્ય શ્રી પ્રકાશભાઇ પટેલ વગેરેએ હાજરી આપી હતી.

● સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગરના ૫૪મા વાર્ષિકોત્સવની ઉજવણી તા. ૧-૩-૨૦૧૪ના રોજ શિક્ષણ મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠના પ્રો. (ડૉ.) જયપ્રકાશ પંડ્યાના મુખ્ય મહેમાન પદે અને અનુસ્નાતક શિક્ષણ વિભાગના વડા ડૉ. પલ્લવીબેન પટેલના અધ્યક્ષસ્થાને થઇ હતી.

● પાલી-પ્રાકૃત અને સંસ્કૃત અનુસ્નાતક વિભાગનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભના અધ્યક્ષ તરીકે વલ્લભ વિદ્યાનગરની એકેડેમિક સ્ટાફ કોલેજના ડાયરેક્ટર પ્રો. ડૉ. એ.આર. જાની તથા મુખ્ય અતિથિ તરીકે વિનયન વિદ્યાશાખાના ડીનશ્રી પ્રો. ડૉ. એચ.પી. ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજનો ૧૭મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બોલતા શ્રી ચીનુભાઇ શાહ (ડાયરેક્ટર, કેડિલા ફાર્માસ્યુટીકલ, અમદાવાદ)એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જીવનમાં આવેલ પડકારોનો સામનો કરવો, પોતાના સમયમાં આવેલ તકોને ઝડપી લેવી, જુદા જુદા સપનાઓ જોવાની ખેવના તેમજ હિંમત રાખવી, એકાગ્રતા કેળવવી વગેરે વિષયો પર પોતાનું પ્રવચન આપ્યું હતું.

● ચારૂતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કોલેજ ઑફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ એલ્મની એસોસિએશનના ઉપક્રમે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું.

● સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક હિન્દી વિભાગનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. સમારંભના પ્રમુખ અતિથિ તરીકે શ્રી ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજના પ્રાચાર્યશ્રી ડૉ. આર.પી. ભોઇ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવીને જીવનમાં સતત કર્મશીલ રહેવાની હાકલ કરી હતી.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લૉ કોલેજનો ૪૯ અને ૫૦મો સ્વર્ણિમ વાર્ષિકોત્સવ તાજેતરમાં ઉજવવામાં આવ્યો. શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પ્રમુખ શ્રી હેમંતકુમાર પટેલના અધ્યક્ષસ્થાને ઉજવાયેલ. આ સ્વર્ણિમ વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત હાઇકોર્ટના માનનીય જસ્ટીસ શ્રી એ.એલ. દવે તથા અતિથિ વિશેષ તરીકે

શ્રી રામકૃષ્ણ સેવા મંડળના માનદ્‌મંત્રી શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ હાજર રહ્યા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ કોમર્સ** કોલેજ, આણંદ દ્વારા સંગીત પ્રભાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૧૬થી ૧૮ એપ્રિલ સુધી શિક્ષક અભિયોગ્યતા કસોટી (TAT તથા TET)નાં નિઃશુલ્ક વર્ગો લેવામાં આવ્યા. જેમાં જુદી-જુદી કોલેજોમાંથી ૧૩૫ પ્રશિક્ષણાર્થીઓ આ વર્ગોના જ્ઞાનનો લ્હાવો લીધો હતો. આ વર્ગોમાં પ્રશિક્ષણાર્થીઓનાં ઉજળા ભવિષ્યની કારકીર્દી માટે તથા સ્પર્ધાત્મક યુગમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખૂબ સારી રીતે ઉત્તિર્ણ થાય તે અર્થે કોલેજનાં અધ્યાપકો દ્વારા અલગ-અલગ સેશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં સામાન્ય જ્ઞાન, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વ્યાકરણ, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, તાર્કિકતા વગેરે જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા. સમગ્ર કાર્ય એક ટીમવર્કનું સુદઢ ઉદાહરણ હતું. સમગ્ર વર્ગોનું આયોજન કોલેજના પ્રિન્સીપાલનાં નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજમાં અભ્યાસ કરતા BBA-LLB, BA-LLB, LLB General તથા LLMના વિદ્યાર્થીઓ માટે શ્રીનાથદ્વારા-કુંભલગઢના એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ, આણંદ દ્વારા સ્વર્ણિમ જયંતી અવસરે આયોજીત Learn N' Fun Week, 2014 અંતર્ગત રંગકલા કૌશલ્ય અભિવ્યક્તિ ધારા હેઠળ બેસ્ટ આઉટ ઑફ વેસ્ટની સ્પર્ધા યોજવામાં આવી હતી.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ, આણંદ દ્વારા સ્વર્ણિમ જયંતી અવસરે આયોજીત Learn N' Fun Week, 2014 અંતર્ગત સપ્તધારા અંતર્ગત સામુદાયિક સેવા ધારા અન્વયે "વૃક્ષ દાન" નામે Eco Friendly Dayની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સંસ્થાના BBA-LLB અને BA-LLBમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ૩૦૦થી વધુ વૃક્ષો વિના મૂલ્યે જાહેર જનતાને વહેંચ્યા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ લો કોલેજ, આણંદ દ્વારા સ્વર્ણિમ જયંતી અવસરે આયોજીત Learn N' Fun Week, 2014 અંતર્ગત સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. BA-LLB, BBA-LLB, General LLB તથા Special LLBના વિદ્યાર્થીઓએ સ્પર્ધાના વિષય "Amendment in Constitution" પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી સ્નેહલ રાઉત અને શ્રીમાન જી.એસ. દવેએ હાજર રહી ત્રણ વિજેતાઓને ઘોષિત કર્યા હતા. જે પૈકી પ્રથમ વિજેતા કમલ અગલ, દ્વિતીય વિજેતા હિરેન સોમૈયા અને તૃતીય વિજેતા અમિત દુબે રહ્યા હતા.

- શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત **આણંદ લો કોલેજ**, આણંદ દ્વારા સ્વર્ણિમ જયંતી અવસરના ઉપલક્ષ્યમાં સપ્તધારા અંતર્ગત જ્ઞાનધારા અન્વયે સંસ્થામાં અભ્યાસ કરતા BBA-LLB તથા BA-LLBના વિદ્યાર્થીઓ માટે "Investor Empowerment Seminar" નામે SEBI Awareness Programmeનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આવકાર



સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલતિ એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજના દીર્ઘદષ્ટા યુવાન આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલની તાજેતરમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવ (ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યૂટી) તરીકે નિમણૂંક થઈ છે. યુનિવર્સિટીના વહીવટીતંત્રને એમનું ગતિશીલ નેતૃત્વ પ્રાપ્ત થઈ રહ્યું છે એ બદલ શુભેચ્છાઓ.

## Governance

### • સરદાર પટેલ યુનિવર્સિટીનાં અધ્યાપક મંડળ (SPUTA)નાં હોદ્દેદારોની વરણી

સરદાર પટેલ યુનિવર્સિટી અધ્યાપક મંડળ (SPUTA)ની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં મળી હતી. જેમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના નવા હોદ્દેદારોની ચૂંટણી યોજાઈ હતી.

આ ચૂંટણીમાં સાધારણ સભાએ ચૂંટણી અધિકારી તરીકે કેમેસ્ટ્રી વિભાગના પ્રોફેસર ડૉ. દિનકર આઈ. બ્રહ્મભટ્ટ તથા સ્ટેટેસ્ટીક્સ વિભાગના પ્રોફેસર ડૉ. એ. શાનુભોગની નિમણુક કરી હતી, આ અધિકારીઓએ સૌપ્રથમ યુનિવર્સિટી અધ્યાપક મંડળના ચૂંટણી અંગેના નીતિ-નિયમો સભામાં વાંચી સંભળાવ્યા હતા. ત્યારબાદ ચૂંટણી અંગેની કાર્યવાહી હાથ ધરેલ હતી. જેમાં સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ કરી, સર્વાનુમતે કાર્યરત સમિતિને વધુ એક વર્ષ માટે આ મંડળના પ્રમુખપદે સ્ટેટેસ્ટીક્સ વિભાગના શ્રી ધર્મેશ પી. રાયકુંડલીયા, ઉપપ્રમુખપદે બાયોસાયન્સ વિભાગના ડૉ. એ.એસ. રેડ્ડી, મંત્રી પદે કેમેસ્ટ્રી વિભાગના ડૉ. મનીષકુમાર પી. પટેલ, સહમંત્રી પદે સાયકોલોજી વિભાગના ડૉ. સુરેશ મકવાણા તથા ખજાનચી પદે ઈલેક્ટ્રોનિક્સ વિભાગના ડૉ. વિભાબેન બી. વૈષ્ણવને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે.

• સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજમાં તા. ૮ અને ૯મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ 'NAAC' પિઅર ટીમ કોલેજની મુલાકાતે આવેલ હતી. તેના ઉપક્રમે કોલેજને સેકન્ડ સાયકલમાં નેક તરફથી 2.76 'CGPA' ગ્રેડ મળેલ છે, જે તાજેતરમાં ગુજરાત રાજ્યમાં આવેલ કોમર્સ કોલેજોમાં દ્વિતીય સ્થાન ધરાવે છે. જે સમગ્ર ગુજરાત, સરદાર પટેલ યુનિવર્સિટી, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, કોલેજ અને માટે આનંદ અને ગૌરવ છે.

• ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.બી. પટેલ સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એસ. રાજ તારીખ ૧૪-૬-૨૦૧૪ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થવાના હોવાથી તેઓશ્રીનો વિદાય સમારંભ યોજાયો.

ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રીએ જણાવ્યું હતું કે, ડૉ. ડી.એસ. રાજે સુંદર ટીમવર્ક કરી કોલેજની પ્રગતિમાં ઐતિહાસિક ભૂમિકા ભજવી છે. કોલેજને નેક એક્રીડિશનમાં 'એ' ગ્રેડ પ્રાપ્ત થયેલ છે. યુ.જી.સી., ન્યુ દિલ્હી તરફથી 'કોલેજ વીથ પોટેન્શિયલ ફોર એક્સલેન્સ'નું બીરૂદ ૨૦૧૧-૧૩ અને ૨૦૧૪-૧૬ માટે અપાવેલ છે.

• સરદાર પટેલ યુનિવર્સિટીની એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર ખાતે કાસોર ગામના વતની શ્રી નવનીતભાઈ પટેલ (ગોપાલભાઈ), અત્રે લાંબા સમયથી હેડ ક્લાર્ક તરીકે સેવાઓ આપતા હતા. તેઓ તા. ૧૪-૬-૨૦૧૪ વયોચિત નિવૃત્ત પામતા હોઈ વિદાય શુભેચ્છા સમારંભ કોલેજ પરિવારના અધ્યક્ષશ્રી પ્રિ. (ડૉ.) એન.આર. પટેલના અધ્યક્ષસ્થાને અને પ્રો. (ડૉ.) મહેશચંદ્ર યાજ્ઞિકના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવ્યો હતો.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત **સી.પી. પટેલ** એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ ચાલુ વર્ષે નેક (NAAC) દ્વારા ૨.૭૬ સીજીપીએ (CGPA) સાથે રીએક્રીડીએટ થનારી ગુજરાતની શ્રેષ્ઠ કોમર્સ કોલેજો પૈકીની એક એવી આણંદ મુકામે અસ્તિત્વ ધરાવે છે. તેમાં મોરપિંછ સમાન બી.વોક. (B.Voc.) ડિગ્રી માટે રૂા. ૧.૮૫ કરોડનું માતબર અનુદાન મેળવનારી ઉપરોક્ત સરદાર પટેલ યુનિવર્સિટીની એકમાત્ર કોલેજ છે. કોલેજના અભ્યાસ પછી ખરા અર્થમાં વિદ્યાર્થીઓને નિપુણતા સહિત નોકરી મળે, નિયોજકીય સાહસિકતા કેળવાય અને રોજગારી વધે તે માટે કૌશલ્યવર્ધક બેચલર ઓફ વોકેશનલ ડિગ્રી માનવ સંશાધન વિકાસ મંત્રાલય ભારત સરકાર (MHRD)ની ભલામણ અનુસાર નેશનલ સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) અને નેશનલ વોકેશનલ એજ્યુકેશન ક્વોલીટી ફ્રેમવર્ક (NVEQF)ના ઉપક્રમે યુજીસી દ્વારા સમગ્ર દેશની ૯૨ અને તેમાંય ખૂબજ ઓછી કોમર્સ કોલેજોમાંની એક કોલેજ પસંદગી પામીને સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

પ્રિ. ડૉ. આર. ડી. મોદી તેમજ કો-ઓર્ડિનેટર પ્રા. કમલ આગાલના જણાવ્યાનુસાર તેમણે ઘણા ઉદ્યોગો અને બેંકો સાથે એમ.ઓ.યુ. (MoUs) કર્યા છે; કારણ કે અભ્યાસમાં ૬૦ ટકાથી વધુ હિસ્સો પ્રેક્ટિકલ, ફિલ્ડવર્ક અને રોજગારી મેળવવા માટે જરૂરી કૌશલ્યોનો છે. ડીસાથી વાપી અને ઉંમરગામ સુધીના 'ગોલ્ડન કોરિડોર' પર એક માત્ર ઉપરોક્ત B.Voc. મેળવનાર કોમર્સ કોલેજ દ્વારા હજારો ઔદ્યોગિક અને બૅંકિંગ એકમો માટે નિષ્ણાંત સ્નાતકો પ્રાપ્ત થશે.

ધો.૧૨ સાયન્સ, કોમર્સ, આર્ટ્સ કે અન્ય વિષયોમાં સારા ગુણાંક સાથે પાસ થનાર કોઈપણ વિદ્યાર્થી તેમાં પ્રવેશ લઈ શકશે. ઉપરોક્ત કોલેજમાં (૧) બેંકિંગ અને ફાઈનાન્સીયલ સર્વિસીસ અને (૨) સોફ્ટવેર ડેવલપમેન્ટમાં પ્રથમ વર્ષે ડિપ્લોમા એવોર્ડ અપાશે. આમ 'NOS'ના નિયમાનુસાર લેવલ-૫ પ્રાપ્ત થઈ જશે. બે વર્ષનો કોર્ષ પૂરો થયે એડવાન્સ ડિપ્લોમા એટલે કે લેવલ-૬, જ્યારે ત્રણ વર્ષ પૂરા થયે લેવલ-૭ એટલે કે B.Voc. ડિગ્રી સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં આવશે.

## સરદાર પટેલ યુનિવર્સિટીની કોલેજો યુ.જી.સી. તરફથી અનુદાન મેળવવામાં અગ્રેસર

તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી દ્વારા 'સ્કીમ ઓફ કમ્યુનિટી કોલેજ' તથા 'સ્કીમ ઓફ બી.વોક' માટે દેશભરની યુનિવર્સિટીઓ તથા કોલેજો પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવી હતી. તેના સંદર્ભમાં યુ.જી.સી.ને 'સ્કીમ ઓફ કમ્યુનિટી કોલેજ' અંતર્ગત દેશભરમાંથી કુલ ૪૪૦ કોલેજો તરફથી દરખાસ્તો પ્રાપ્ત થઈ હતી. જે પૈકી યુજીસીએ દેશભરના વિવિધ રાજ્યોમાંથી ગુજરાત રાજ્યની કુલ ૩ કોલેજો સહિત કુલ ૯૮ કોલેજોની દરખાસ્તો મંજૂર કરી છે. જે આ ૩ (ત્રણ) કોલેજો પૈકી સરદાર પટેલ યુનિવર્સિટીની બે કોલેજો સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ અને એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજની પસંદગી થઈ છે. જે સરદાર પટેલ યુનિવર્સિટી માટે ગૌરવરૂપ ઘટના છે.

જ્યારે 'સ્કીમ ઓફ બી.વોક' અંતર્ગત દેશની કુલ ૧૦૩ કોલેજોની પસંદગી કરવામાં આવી છે. જે પૈકી ગુજરાત રાજ્યની ૫ (પાંચ) કોલેજોને દરેકને રૂા. ૧૮૫ લાખના અનુદાન મંજૂર કરેલ છે. ગુજરાત રાજ્યની પાંચ કોલેજો પૈકી સરદાર પટેલ યુનિવર્સિટીની સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજને અને એન.એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદની સ્કીમ અંતર્ગત પસંદગી કરીને અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. આમ ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીની તુલનામાં સરદાર પટેલ યુનિવર્સિટીની કોલેજો અગ્રેસર રહી છે.

## અવનવી ગોકળગાય

ઊર્જા સંરક્ષણની વાત જ્યારે આવે છે ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે, સંસારમાં આપણે ઊર્જાની ઉત્પત્તિ નથી કરી શકતા. પરંતુ જો આપણે જોઈએ તો સંસારમાં દરેકની દોડ મૂળભૂત રીતે ઊર્જા માટે જ છે. વાહનને ચાલતું રાખવા પણ ઇંધણની જરૂર પડે છે. એ ઇંધણ, બીજુ કાંઇ નહી પણ વાહનને ચાલવા માટે પૂરી પાડવામાં આવતી ઊર્જા જ તો છે. વિજ્ઞાનમાં નજર ફેરવીએ તો જાણ થાય છે કે મનુષ્યને ઊર્જા તેના ભોજનમાંથી મળે છે, એવી જ રીતે વનસ્પતિ તેની ઊર્જા સૂર્યમાંથી મેળવે છે. આપણે સૌ જાણીએ છે કે સામાન્ય રીતે પ્રાણી જગતમાં જીવન પ્રત્યક્ષ રીતે સૂર્ય ઊર્જાને પોતાના ઊર્જાનો સ્ત્રોત નથી બનાવી શકતા. ત્યારે વનસ્પતિ જીવન સૂર્ય ઊર્જાથી પોતાની ઊર્જા મેળવે છે. પ્રકૃતિની વિવિધતા કોઇ આંકી શકતું નથી. પ્રકૃતિમાં એક એવું જીવ જે પ્રાણી જગતમાં સ્થાન મેળવવા છતાં વનસ્પતિની જેમ સૂર્ય ઊર્જામાંથી પોતાની ઊર્જા મેળવે છે. આ જીવ કોઇ વિશાળકાય નથી, કે નથી કોઇ વિચિત્ર અજાણ્યું પ્રાણી. આ એક નાનકડી ગોકળગાય છે. ગોકળગાય (slug)ની એક પ્રજાતિ Elysia chlorotica- જેમાં સામાન્ય રીતે ઉપરનું કવચ નથી હોતું. તે મુખ્ય રીતે United Statesનાં પૂર્વીય તટનાં ખારા પાણીમાં જોવા મળે છે. આપણે જાણીએ છે કે, વનસ્પતિમાં રહેલા હરિતકણો (chlorophyll) ની મદદથી પ્રકાશ સંશ્લેષણ (photosynthesis) કરી સૂર્યમાંથી પોતાની ઊર્જા મેળવે છે; ત્યારે આ ગોકળગાય પણ પ્રકાશ સંશ્લેષણ કરી પોતાની ઊર્જા મેળવે છે. વિજ્ઞાનની નજરે આ નવીન પ્રક્રિયાની પાછળનું રહસ્ય તેમનાં પોતાના જનીન તત્વ (genes) છે. ગોકળગાય જેમ સામાન્ય રીતે ભોજન આરોગે, એવી જ રીતે તે પાણીમાં રહેલી લીલ (સામાન્ય રીતે vaucheria litorea) ને આરોગે છે. તે લીલ ખાધા પછી, તે લીલનાં કોષમાંના ઘટકોમાંથી હરીતકોષ (chloroplast)ને પોતાના કોષમાં ભેળવી લે છે. આ જ કારણોસર ગોકળગાયનો રંગ પણ લીલો થાય છે. ગોકળગાયનાં કોષ (cell)માં ભળી ગયેલા હરિતકોષ પછી વનસ્પતિની જેમ જ સૂર્યમાંથી પોતાની ઊર્જા મેળવે છે. વિજ્ઞાનીઓના જણાવ્યા મુજબ ગોકળગાયમાં પહેલેથી જ પ્રકાશ સંશ્લેષણ પ્રક્રિયાને મદદરૂપ જનીન તત્વો જોવા મળે છે. જેનાં કારણે વનસ્પતિ ખાવાથી આપણે લીલા રંગના નથી થતા અને સૂર્ય ઊર્જાને પ્રત્યક્ષ રીતે પોતાની ઊર્જામાં પ્રવૃત્ત નથી કરી શકતા.

આ ગોકળગાયને નિઃસંદેહ પ્રાણી જગતનું ઊર્જા સંરક્ષણ કરતું સૌથી ઉત્તમ ઉદાહરણ ગણી શકાય.

- જિગીષા દવે

અનુસંધાન પાન ૨૪ પરથી

આ કેન્દ્ર બાળકોને તેમજ શિક્ષકોને વિજ્ઞાન તેમજ ગણિતમાં વધુ રૂચિ ઉત્પન્ન થાય અને તેઓ વધુ જીજ્ઞાસાથી આ વિષયો પ્રત્યે પ્રેરાય તેવી કામગીરીમાં સતત વ્યસ્ત રહે છે. આ પ્રકારની સ્વૈચ્છિક અને અનૌપચારિક પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ પર આધારિત વર્ગખંડનાં ભણતરને માટે ખૂબ જ ઊપયોગી છે. પરંતુ હાલની શૈક્ષણિક વ્યવસ્થા જોતાં અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો વગેરે યાને કે ''Formal Education''નું મહત્વ વધુ હોય છે. માટે કેન્દ્રનાં કાર્યક્રમોમાં પાઠ્યપુસ્તક પર આધારિત ચર્ચા, પ્રશ્નોત્તરી અને માહિતીપ્રદ વ્યાખ્યાનો પણ યોજવામાં આવે છે. આપણાં વિજ્ઞાન, ગણિતનાં પાઠ્ય પુસ્તકો જો ક્ષતિ રહિત હોય તો તો ઘણુ સારું, પરંતુ સામાન્યપણે તેમ હોતુ નથી. છેલ્લા એકાદ વર્ષમાં કેન્દ્રના માનદ્ નિયામક ડૉ. ઉજ્જવલ ત્રિવેદી અને માનદ્ સલાહકાર ડૉ. કે.એન. જોષીપુરાએ આણંદ જીલ્લાની 'Diet' તેમજ 'DEO' કચેરી સાથે મળીને વિજ્ઞાન, ગણિત ધો. ૮, સેમેસ્ટર ૧-૨નાં મુળ ગુજરાતીમાં લખાયેલા પુસ્તકો અંગેની એક વિગતવાર સમીક્ષા નોંધ તૈયાર કરી છે. અને તે મુજબનાં સુધારા વધારા GCERT અને પાઠ્ય પુસ્તક મંડળને મોકલવામાં આવેલ છે.

વિજ્ઞાન કે ગણિતને ચોપડીનાં બે પુંઠા વચ્ચે બંદી બનાવી શકાય નહિં એને તો માણી શકાય કુદરતમાં, પર્યાવરણમાં અને તારાઓ તેમજ આશ્ચર્યોથી ભરેલા આકાશમાં. માટે વિજ્ઞાનને કુદરતમાં નિરખવા માટે અવનવા કાર્યક્રમોમાં પણ બાળકો, શિક્ષકોને લઈ જવામાં આવે છે. યુનિવર્સિટીનાં ભૌતિકશાસ્ત્રનાં વિભાગનાં પ્રો. બી.વાય. ઠાકોર અને ADIT કોલેજમાં પ્રો. કે.આર. ત્રિવેદીનાં નેજા હેઠળ આકાશ દર્શન પણ ગોઠવવામાં આવે છે. કેન્દ્રની રોજબરોજની કામગીરી તેમજ મુલાકાતીઓને કેન્દ્ર બતાવવાની જવાબદારી અહીંના યુવા કાર્યકરો સંભાળે છે જેમાં પ્રોજેક્ટ ઓફિસર હિરેન ચોવટીયા અને સાયન્સ કોમ્યુનિકેટર મિતલબેન પટેલ તેમજ નેહાબેન યાદવ વિજ્ઞાનના અનુસ્નાતક છે. અને વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓમાં સારી કામગીરી બજાવે છે. સંસ્થાના મુખ્ય વાર્ષિક કાર્યક્રમોમાં ઊનાળુ શિબિર, ધરતી દિવસ (એપ્રિલ ૨૨), વિશ્વ પર્યાવરણ દિવસ (જુન ૫), વિશ્વ વસ્તી દિવસ (જુલાઈ ૧૧), વિક્રમ સારાભાઈ જન્મદિવસ (ઓગસ્ટ ૧૨), વિશ્વ અંતરિક્ષ વિજ્ઞાન દિવસ (ઓક્ટોબર ૪), સંરક્ષણ દિવસ (ડિસેમ્બર ૧૪), અને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (ફેબ્રુઆરી ૨૮) વગેરેનો સમાવેશ થાય છે. ઊનાળાની રજાઓમાં કેટલાક બાળકો અહીં હોંશભેર આવે છે અને પોતે ટચૂકડા રોકેટો બનાવીને નિષ્ણાંતોનાં માર્ગદર્શન હેઠળ રોકેટ હવામાં ઉડાવીને ટેક્નોલોજીકલ માહિતી મેળવે છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિન એ પ્રો. સી.વી. રામનની પ્રખ્યાત શોધનાં માનમાં ફેબ્રુઆરીની ૨૮મીએ ઉજવાય છે. પરંતુ અહિં તો સમગ્ર ફેબ્રુઆરી માસમાં વિજ્ઞાન દિન કાર્યક્રમો કરવામાં આવે છે.

છેલ્લા ફેબ્રુઆરી માસમાં યુનિવર્સિટી કક્ષાએ ''અન્વેષણ'' નામની વૈજ્ઞાનિક મોડેલ સ્પર્ધા યોજવામાં આવી હતી તેમાં વિદ્યાર્થીઓ એ અવનવા મોડેલો રજૂ કરીને સરસ આકર્ષણ જમાવ્યું હતું.

એક દાયકાની સફળ યશસ્વ કામગીરી બાદ આયોજકો હવે આવતા દાયકાના વૈજ્ઞાનિક કાર્યક્રમોનું રોકેટ-લોન્ચિંગ કરવા માટે કટિબદ્ધ થયા છે.

## List of programmes conducted in the Month of April-May 2014 at C.C. Patel Community Science Centre

| Sr. No. | Programme - Subject | Date | No. of Days | No. of Beneficiary |
|---|---|---|---|---|
| 01 | World Earth Day Celebration | 22nd April 2014 | 01 | 55 Students, Teachers, Professors & Interested Persons |
| 02 | Summer Camp – I | 5th - 10th May 2014 | 06 | 175 Student, Experts and Interested Persons |
| 03 | National Technology Day | 11th May 2014 | 01 | 76 Students, Interested Persons |
| 04 | Summer Camp – II | 19th- 25th May 2014 | 07 | 100 Students. Interested Persons |
| 05 | Biodiversity Day | 20th May 2014 | 01 | 80 Students, Interested Persons |
| 06 | Sky Gazing | 24th May 2014 | 01 | 120 Students, Interested Persons |
| 07 | Participation in All Gujarat Amateur Astronomers Meet - 2014 | 31st May- 1st June 2014 | 02 | CSC Staff |

These all programmes are organized and celebrated under the guidance of Vice-Chancellor of S.P.U. - **Dr. Harish Padh**, Hon. Director of C.C. Patel Community Science Centre **Dr. Ujjval B. Trivedi** and Hon. Advisor **Dr. K.N. Joshipura**.

## સી.સી. પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર – સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર




વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓથી ધમધમતા રહેતા આ કેન્દ્રની સ્થાપના ૮ જુન ૨૦૦૪ના રોજ થઈ. પ્રારંભની પાપા પગલી ભરતાં આ કેન્દ્રને ૨૦૦૬ સુધી યુનિવર્સિટીના ફિઝીક્સ વિભાગની છત્ર-છાયા મળી અને તે વિભાગના (હાલ નિવૃત) પ્રો. શાંતિભાઈ પટેલ કેન્દ્રના પ્રથમ મા.નિયામક બન્યા. રાજ્ય સરકાર હેઠળના ગુજકોસ્ટ (ગાંધીનગર) દ્વારા પ્રાયોજિત આણંદ જિલ્લાં માટેનાં આ લોક વિજ્ઞાન કેન્દ્રનું ધ્યેય સુત્ર છે,

"લોકોને વિજ્ઞાન પ્રતિ, વિજ્ઞાનને લોકો સુધી..."

યુનિવર્સિટી સર્કલથી બાકરોલ જવાના માર્ગે આવેલાં આ વિજ્ઞાન કેન્દ્રને ભોંય તળીયે કાર્યાલય અને નાનકડા વર્ગખંડની વ્યવસ્થા છે. પહેલા માળે વિજ્ઞાનના સાધનો, પ્રોજેક્ટ-મોડેલ ગોઠવેલ છે. જ્યારે સૌથી ઉપલા માળે કાર્યક્રમ-પ્રદર્શન-પ્રવૃત્તિઓ માટેની જગ્યા છે.

આપણાં રાજ્યમાં કામ કરતાં ૧૮ ઉપરાંત લોકવિજ્ઞાન કેન્દ્રોમાં વિદ્યાનગરનું આ કેન્દ્ર એક આગવું સ્થાન મેળવે છે, અને તેમાં યુનિવર્સિટીનાં વિજ્ઞાન વિભાગો/કોલેજો ખાસ કરીને ફિઝીક્સ, બાયોસાયન્સ, હોમ સાયન્સ વિભાગ અને એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનનો સતત સહકાર રહેલ છે.

અહીં વર્ષ દરમ્યાન આશરે ૧૫૦ થી વધુ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો યોજાય છે. જેમાં સેંકડો વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અબાલ વૃદ્ધ સૌ કોઈ રસપૂર્વક ભાગ લે છે. કાર્યક્રમોમાં ગુજકોસ્ટની માર્ગદર્શિકાનો ખ્યાલ રાખીને કેન્દ્ર પર તેમજ વિદ્યાનગર, આણંદ સહિત અન્યત્ર પણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. કેન્દ્રનાં મકાનમાં બાયોટેક્નોલોજી વિષયનું કાયમી પ્રદર્શન મૂકવામાં આવેલ છે. તે ઉપરાંત, વિજ્ઞાન અને ગણિતનાં વિવિધ પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવેલ છે. વિજ્ઞાન કેન્દ્ર જેવી સંસ્થા ઊર્જા બચત, પાણી અને પર્યાવરણ સંરક્ષણ જેવી બાબતોથી અલિપ્ત કેમ રહી શકે ? માટે જ અહીં સૌર ઊર્જા પર ચાલતા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે ભૂગર્ભ ટાંકી બનાવવામાં આવેલ છે. પ્રવૃત્તિ અને કાર્યક્રમોમાં ઔપચારિકતા તરીકે પ્લાસ્ટિકના ફૂલો આપવામાં આવતા નથી, પણ મહેમાનોનું સ્વાગત સાચુકલા ગુલાબથી કે પુસ્તકોથી કરવામાં આવે છે. એક વિશેષતા તરીકે કેન્દ્રના વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું ઉદ્દ્ઘાટન દીપ પ્રગટાવીને નહીં પણ એકાદ આકર્ષક પ્રયોગ દ્વારા કરવામાં આવે છે.

અનુસંધાન પાન ૨૩ ઉપર


## Subscribe Today

**Annual**
Students : Rs.10.00
Others : Rs.15.00
Institutions : Rs.100.00

**Life**
Faculty & Staff : Rs.200.00
Institutions & Individuals : Rs.500.00

Lifetime Subscription in Foreign Exchange:
US $ 100.00 € 75.00 £ 75.00

Contact: Publication Division, Bhaikaka Library Vallabh Vidyanagar 388 120

## Contribute Today

Sheel Shrutam welcomes readers' contributions in the form of news, views, ideas and information for publication. Please send your contributions before 1st week of every month to Param Pathak, Department of Gujarati, Sardar Patel University, Vallabh Vidyanagar 388 120. Email: sheelshrutam@gmail.com, Website: www.spuvvn.edu


Book Post (Printed Matter)

If undelivered please return to :
The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar - 388 120, Gujarat - India


Sheel Shrutam : A Monthly Newsletter of Sardar Patel University, for Private Circulation.
Published by Registrar, Sardar Patel University, Vallabh Vidyanagar, 388 120
Computerised Type set / Designed and Printed at University Press, Vallabh Vidyanagar
Views expressed in this Newsletter do not necessarily reflect the official policy of the University.